RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 11, Year: 69, February, 2023, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

# માથેરાન સેનેટોરિયમ તથા નાલાસોપારા અતિથિ ભવનની તસ્વીરી ઝલક


સમારોહનું સૂત્ર સંચાલન કરતા સંધ્યાબેન શાહ



સંગીત સંધ્યામાં પ્રતિક મહેતા અને કલાકારો


માથેરાન સેનેટોરિયમનું વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન કરતા દાતાશ્રી આશકરણભાઈ શાહ તથા પરિવારજનો


શ્રી આશકરણભાઈનું સન્માન કરતા પ્રમુખશ્રી ગુણવંતભાઈ તથા ઉપપ્રમુખશ્રી પ્રવિણભાઈ


ચોકલેટ બુકેથી વધાવતા શ્રી પ્રવીણભાઈ જી. શાહ


પ્રસન્નતા વ્યક્ત કરતા શ્રી આશકરણભાઈ


# માથેરાન સેનેટોરિયમ તથા નાલાસોપારા અતિથિ ભવનની તસ્વીરી ઝલક



બંગલાના દાતાશ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ પરિવારનું સન્માન કરતા
ટ્રસ્ટીશ્રી પંકજભાઈ તથા મનિષાબેન



બીજા બંગલાના દાતા શ્રી ગુણવંતભાઈ શાહનું સન્માન કરતા ટ્રસ્ટીઓ
ટ્રસ્ટીશ્રી પ્રવીણભાઈ, મહેન્દ્રભાઈ તુરખિયા, મહેશભાઈ વોરા, પંકજભાઈ તથા મનિષાબેન



સમારોહ પ્રસંગે ૫૧ લાખ રૂા. નું અનુદાન જાહેર કરતા પ્રમુખશ્રી ગુણવંતભાઈ શાહ



ત્રીજા બંગલાના દાતા શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયાનું સન્માન કરતા
મંત્રીશ્રી અતુલભાઈ તથા અનિલભાઈ



ભોજનાલયના દાતા શ્રીમતી જયશ્રીબેન મહેન્દ્રભાઈ ડેલીવાલા પરિવારનું
સન્માન કરતા તંત્રીશ્રી સંધ્યાબેન શાહ



ક્રિડાંગણના દાતા રેખાબેન હેમેન્દ્રભાઈ શાહ પરિવારનું સન્માન કરતા
સહમંત્રીશ્રી મુકેશભાઈ ચશ્માવાળા તથા નરેન્દ્રભાઈ સંઘવી



માથેરાન સેનેટોરિયમના કન્વીનર શ્રી અતુલભાઈ વોરાનું સન્માન કરતા
આશકરણભાઈ, પ્રવીણભાઈ તથા મનિષાબેન




કન્વીનર શ્રી મિતેશભાઈનું સન્માન કરતા આશકરણભાઈ, પ્રવિણભાઈ
તથા મહેશભાઈ વોરા

# માથેરાન સેનેટોરિયમ તથા નાલાસોપારા અતિથિ ભવનની તસ્વીરી ઝલક


નાલાસોપારા અતિથિભવનનું વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન કરતા
શ્રી ભાઈલાલભાઈ - પ્રવીણભાઈ તથા પરિવારજનો


શ્રી ભાઈલાલભાઈનું સન્માન કરતા પ્રમુખ શ્રી ગુણવંતભાઈ શાહ


'સમાજરત્ન' અને 'સમાજ ગૌરવ'
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ


શ્રી પ્રવીણભાઈનું સન્માન કરતા ટ્રસ્ટીઓ તથા માનવંતા મહેમાનો


શ્રી પ્રવીણભાઈનું સન્માન કરતા ઝાલાવાડી સભાના કમિટી મેમ્બર્સ


અતિથિભવનના કન્વીનર શ્રી અતુલભાઈનું
સન્માન કરતા પ્રિયાબેન તુરખિયા


કન્વીનર શ્રી અનિલભાઈનું સન્માન કરતા શ્રી અતુલભાઈ વોરા


કન્વીનર શ્રી દિલીપભાઈનું સન્માન કરતા શ્રી મિતેશભાઈ શાહ

## માથેરાન સેનેટોરિયમ તથા નાલાસોપારા અતિથિ ભવનની તસ્વીરી ઝલક



મયંકભાઈનું સન્માન કરતા પ્રવીણભાઈ તથા આશકરણભાઈ



વેબસાઈટ ટીમના કન્વીનર શ્રી મનિષાબેનનું સન્માન કરતા સંધ્યાબેન શાહ



માથેરાન સેનેટોરિયમના સંચાલક શ્રી ધીરેનભાઈ મગિયાનું સન્માન કરતા ટ્રસ્ટીઓ તથા ખજાનચી શ્રી દિલીપભાઈ તથા મહેશભાઈ દોશી



આભાર દર્શન કરતા મહામંત્રીશ્રી પંકજભાઈ સંઘવી

## પંચગિની સેનેટોરિયમ ખાતે ઍક્ટિવિટી હોલ ના નામકરણ માટે





માતુશ્રી ગીતાબેન પ્રફુલચંદ્ર શાહ

મુળી નિવાસી – હાલ અંધેરી (વેસ્ટ)

**માતુશ્રી ગીતાબેન પ્રફુલચંદ્ર શાહ**

તથા

**પિતાશ્રી પ્રફુલચંદ્ર કાંતિલાલ શાહ ના**

સ્મરણાર્થે

**₹ ૫, ૦૦,૦૦૦/- (પાંચ લાખ)**



પિતાશ્રી પ્રફુલચંદ્ર કાંતિલાલ શાહ

**હસ્તે તેમની સુપુત્રીઓ તરફથી**

અ. સૌ. રાજેશ્રી ભાવેશ વોરા–ઘાટકોપર      અ. સૌ. મોના રાહુલ શેઠ –અંધેરી

અ. સૌ. પિંકી શ્રેણિક શાહ –અંધેરી

**BIODATA**

# PRIT PIYUSH SAKHIDAS



## FAMILY DETAILS

Dada : Late. Babulal Himatlal Sakhidas

Dadi : Sushilaben Babulal Sakhidas

Father : Piyush Babulal Sakhidas
(9324411414)

Bussiness : Rajni Enterprises
Shop No 6 & 7, Amrapali
Aparment, Turel Pakhadi Road
Malad (W) Mumbai - 64

Mother Nisha Piyush Sakhidas
Home Maker ( 9833953095)

## PATERNAL DETAILS

Faiba & Fuva : Smita & Jayesh Sheth
(9821030411)

Faiba & Fuva : Kavita & Nikhil Shah
(9820062293)

## MATERNAL DETAILS

Nana : Mahendrabhai Ramniklal Shah
(9820714380)

Nani : Pannaben Mahendrabhai Shah

Mama & Mami : Chintan & Marisha Shah
(9322515597)

Masi & Masa : Forum & DR. Sachin Shah
(9821323336)

## PERSONAL DETAILS

Date of Birth : 30th January, 1997

Height : 6'

Education : BAF, MBA (FINANCE)

Business : Rajni Enterprises
(Non Ferrous Metal Merchant)

Hobbies : Football, Travelling &
Cricket

Religion : Zalawadi Vishashrimali
Sthanakvasi Jain

Native : Limbdi

## CONTACT DETAILS

Current Address : A/32 Malhaar Building,
New Saibaba Nagar Road
Opp. Pawar Public School
Kandivali (W) Mumbai - 67

Permanent Address : Tower D - 4805 SKY CITY,
Oberoi Realty, Dattapada
Road, Borivali - East

8767142408

Prit.sakhidas@rajnienterprises.in

Advt.

*Biodata*

# HINAL NIKHIL SHAH



## PERSONAL PROFILE

**Birth Date**: 19th February,1997 - Mumbai
**Height**: 5'3" **Time:** 8:26 am
**Caste**: Zalawadi Vishashrimali Sthanakwasi Jain
**Native Place**: Wadhwan City (Saurashtra)
**Education**: Bachelors in Accounting and Finance (K.C.College)
MBA in Finance (MET College)
**Profession**: Senior Associate in Regulatory Solutions at SS&C GlobeOp
**Hobbies:** Travelling, Dancing, Music

## FAMILY DETAILS

Nathabhavan Parivaar

**Grand Father & Grand Mother:**
Late Arvindbhai Champaklal Shah
Late Naliniben Arvindbhai Shah

**Father**: Businessman
Nikhil Arvindbhai Shah 9820062293

**Mother**: Home-maker
Kavita Nikhil Shah 9920062293

**Elder Brother**: Businessman
Femil Nikhil Shah

**Sister-In-Law:** MBA in Financial Market
Jinal Femil Shah

**Uncle & Aunty:**
Bhadresh Arvindbhai Shah
Meena Bhadresh Shah

**Faiba:** Rita Dhaneshkumar Shah

## MATERNAL FAMILY

**Grand Father & Grand Mother:**
Late Babulal Himmatlal Sakhidas
Sushilaben Babulal Sakhidas

**Native Place**: Limbdi **Presently**: Borivali

**Mama:** Piyush Babulal Sakhidas

**Masi:** Smita Jayeshbhai Sheth

## RESIDENTIAL ADDRESS

1804, Panchratna Building, Opera House,
Next to Roxy Theatre, Charni Road,
Mumbai-04

## OFFICE ADDRESS

**Mahavir Lock Mart**
166, Abdul Reman Street,
Mumbai-03

**Email ID:** nikhilshah34@gmail.com

Advt.

## Bio-Data

# Dr. Zimple Rajesh Shah




| | | |
|---|---|---|
| B.O.D & P | : | 26' December 1990 / 03.20PM / Ahmedabad |
| Height | : | 5.4" |
| Complexion | : | Fair |
| Marriage Status | : | Divorce in Sept. 2022 |
| Religion & Caste | : | Jain |
| Education | : | Bachelor in Physiotherapy and Masters in Hospital Management |
| Hobbies | : | Badminton, Photography, Listening Music, Tarot Reading |
| Residence Add | : | 601 Raheja Classique Building No. 7 Andheri Link Road, Andheri (West), Mumbai -400 053. |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Father | : | Rajesh VinodChandra Shah |
| Occupation | : | Business |
| Business co. Name | : | C.C. SHAH & SONS / “Z” LINE |
| Businss Place Add | : | 213 & 239, Adarsh Ind. Estate,<br>Chakala, Andheri (East),<br>Mumbai - 400099.<br>Tel No. : 67575757, Fax No. 67575790<br>Mobile : 9619660666 |
| Mother | : | Alka Rajesh Shah<br>House Wife<br>Mobile No. 9619449244 |
| Sister | : | Zil Rajesh Shah (Studying) |
| Paternal Uncle | : | Shirish VinodChandra Shah<br>Mobile No. 9322818347 |
| Caste | : | Dashashrimali Sthanakvasi Jain |
| Native Place | : | Rampara |
| Mosal | : | Lalitbhai Parekh (Ahmedabad) |

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

ફેબ્રુઆરી ૨૦૨૩
વર્ષ : ૬૯ : : અંક : ૧૧

: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ

માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા

: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ

: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો. : ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૦૨૨–૩૫૭૪૦૮૧૧

: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦


*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



# રાધાનું નામ

રાધાનું નામ તમે વાંસળીના સૂરમહીં' વ્હેતું ના મેલો, ઘનશ્યામ!
સાંજ ને સવાર નિત નિંદા કરે છે ઘેલું ; ઘેલું રે ગોકળિયું ગામ!

વણગૂંથ્યા કેશ અને અણઆંજી આંખડી
કે ખાલી બેડાંની કરે વાત,
લોકો કરે છે શાને દિવસ ને રાતડી
મારા મોહનની પંચાત;

વળીવળી નિરખે છે કુંજગલી : પૂછે છે કેમ, અલી! ક્યાં ગઈ'તી આમ?
રાધાનું નામ તમે વાંસળીના સૂરમહીં વ્હેતું ના મેલો ઘનશ્યામ!

કોણે મૂક્યું રે તારે અંબોડે ફૂલ?
એની પૂછી પૂછીને લિયે ગંધ;
વહે અંતરની વાત એ તો આંખ્યુંની ભૂલ,
જોકે હોઠોની પાંખડીઓ બંધ;

મારે મોંએથી ચહે સાંભળવા સાહેલી માધવનું મધમીઠું નામ;
રાધાનું નામ તમે વાંસળીના સૂરમહીં વ્હેતું ના મેલો ઘનશ્યામ!

# વણકર સંત

**બે** હજાર વર્ષ પહેલાંની વાત છે.

દક્ષિણ ભારતમાં એક સંત થઈ ગયા. એનું નામ હતું તિરુવલ્લુર. જાતે તેઓ વણકર હતા. સંત કબીરની જેમ એ પણ વણાટકામ કરી પોતાના નિર્વાહ ચલાવતા હતા.

રોજ રોજ જે કાપડ વણતા તે તેઓ બાજુના ગામમાં જઈ વેચી લાવતા અને એમાંથી જે મળે તેનાથી પોતાનું ગુજરાન ચલાવતા.

એ ગામમાં એક શ્રીમંત રહેતો હતો તેને એક યુવાન છોકરો હતો. તે ખૂબ જ સ્વચ્છંદી હતો.

એક દિવસ તે બજારમાં જઈ ચઢ્યો એ વખતે તિરુવલ્લુર પણ એક સાડી વેચવા આવ્યા હતા. પેલા છોકરાએ પોતાના સાથીદારને પૂછ્યું 'આ દાઢીવાળો કોણ છે ?'

સાથીદારે કહ્યું, 'એ તો મોટા સંત છે. જાતે વણકર છે છતાં એમના જેવી સમતા બીજા કોઈનામાં પણ ન મળે. ગુસ્સે તો ક્યારેય થતા જ નથી.'

'શું વાત કરે છે ! માણસ કોઈ દિવસ ગુસ્સે ન થાય એ બને જ કેમ ?'

'સાચી વાત કરું છું.'

'તો જો હું એમને ગુસ્સે કરું છું કે નહીં ?'

'ભાઈ જવા દે ને ! સંતના પારખાં ન હોય.'


પેલો છોકરો તો તિરુવલ્લુર પાસે ગયો અને બોલ્યો, 'કેમ રે એ બુઢ્ઢા, આ સાડી તારી વેચવી છે ?'

'હા વેચવા જ લાવ્યો છું.'

'શું ભાવ રાખ્યો છે ?'

'બે રૂપિયા.'

સાડી જોવા માટે યુવાને હાથમાં લીધી અને તેના બે ટુકડા કરી નાખ્યા. બોલ્યો, 'મારે તો આમાંથી એક જ ટુકડો જોઈએ છે. બોલ એનો શું ભાવ ?'



*સંતે કહ્યું, 'તારું જીવન પણ આમ બરબાદ થઈ જશે તો ? સાડી ફાટી ગઈ તો બીજી પણ વણી શકાશે. લાવી શકાશે પણ જીવન ફાટી જશે તો બીજું ક્યાંથી લાવીશું ?'*

'એક રૂપિયો'

છોકરાએ વળી બે ટુકડા કર્યા અને પૂછ્યું, 'મારે આટલો જ ટુકડો જોઈએ છે.' હવે બોલ કેટલા પૈસા થશે ?

મોં ઉપર જરાય ઉદ્વેગ કે ગુસ્સાની રેખા લાવ્યા વગર એટલી જ શાંતિથી સંતે કહ્યું, 'એના તો હવે માત્ર ચાર જ આના થશે.'

'એમ કર, મને તો આખી સાડી જ આપ. તને બે રૂપિયા આપી દઈશ.'

'આખી સાડી તો કાલે બીજી બનાવીને લાવું ત્યારે થાય ?'

'તો આ ચીંથરાને લઈને હું શું કરું ?'

'પાછા આપી દે ભાઈ.'

પેલો યુવાન તો સંતની સહિષ્ણુતા અને શબ્દોની મીઠાશ સાંભળીને ખૂબ જ લજવાઈ ગયો.

એ છોભીલો પડી ગયો. તેણે કહ્યું, 'હું તમને સાડીના પૂરા પૈસા આપી દઉં છું.'

સંતે કહ્યું, 'એ કેમ બને ? આ ટુકડા તને કંઈ કામના નથી, પછી મારાથી એ પૈસા કેમ લેવાય ?'

સંતની વાણી સાંભળી યુવાન એકદમ શરમાઈ ગયો. તેણે કહ્યું, 'મારી પાસે ઘણા પૈસા છે. હું શ્રીમંત છું. મારે મન એ બે રૂપિયાની કંઈ કિંમત નથી. મારે તમારું નુકસાન ભરપાઈ કરવું જ જોઈએ.'

તિરુવલ્લુર પ્રેમથી તેના ખભે હાથ મૂકી કહ્યું, 'ભાઈ, તું એમ સમજે છે કે બે રૂપિયા આપવાથી તું નુકસાન ભરપાઈ કરી શકીશ ?'

'જરૂર.'

'તો સાંભળ, આ સાડી બનાવતા પહેલાં ખેડૂતોએ કેટલી મહેનત કરી રૂ ઉગાડ્યું હશે. એ રૂમાંથી કચરો સાફ કરી મારી પત્નીએ મજાનું સૂતર બનાવ્યું છે અને તેના ઉપર રંગાટ કામમાં બીજાની મહેનત છે. ત્યાર પછી મેં એ સાડી બનાવી છે. એ સાડી કોઈના શરીરે શોભત તો મહેનત સફળ થયેલી ગણાત. હવે તું જ કહે - તું કોની નુકશાની ભરપાઈ કરી દઈશ ?'

સાંભળીને પેલા યુવાનની આંખોમાં આંસુ આવી ગયાં. પોતાના કૃત્ય બદલ ખરેખર પસ્તાવો થવા લાગ્યો. તિરુવલ્લુરના પગ પાસે એ નમી પડ્યો અને વારંવાર ક્ષમા માગવા લાગ્યો.

સંતે કહ્યું, 'તારું જીવન પણ આમ બરબાદ થઈ જશે તો ? સાડી ફાટી ગઈ તો બીજી પણ વણી શકાશે. લાવી શકાશે પણ જીવન ફાટી જશે તો બીજું ક્યાંથી લાવીશું ?'

પેલા યુવાન ઉપર સંતની વાણીની ખૂબ જ અસર થઈ. તે વંદન કરીને ત્યાંથી ચાલ્યો ગયો. ત્યાર પછી તેના જીવનનું વહેણ સાવ બદલાઈ ગયું.

❖❖❖

# ફિકરની ફાકી કરે

ડૉ. કુમારપાળ દેસાઈ

'જાગો!' આ એક શબ્દ કેવો મહા પરિવર્તનકારી છે! માનવમૂલ્યોના ઈતિહાસમાં આ એક શબ્દે પ્રબળ ક્રાંતિકારી પરિવર્તન સર્જ્યું છે. જનસમૂહ જ્યારે કોઈ પાપાચાર, અધર્માચાર કે દુરાચારમાં ડૂબેલો હોય, ત્યારે મહાન વિભૂતિઓએ આવીને એને 'જાગો' કહીને એની દીર્ઘ મૂછામાંથી બહાર આણ્યો છે. એને જડ, રૂઢ કે હિંસક પરંપરા ત્યજવા માટે પોકાર કર્યો છે.

એકવાર ભગવાન બુદ્ધની સમીપ બેઠેલા વૃદ્ધ ભિખ્ખુની કોઈએ વય પૂછી. સિત્તેર વર્ષની વયે એ ભિખ્ખુની ઉંમર ભગવાન બુદ્ધે માત્ર સાત વર્ષની કહી! આનું કારણ એટલું કે આજથી સાત વર્ષ પૂર્વે આ ભિખ્ખુમાં જાગૃતિ આવી હતી. એ પૂર્વે એ જીવતા હતા, પરંતુ જાગૃત નહોતા.

જે સમયે અંતરમાં જાગરણ પ્રગટે છે, તે સમયથી વ્યક્તિની આધ્યાત્મિક ઉંમર શરૂ થાય છે. કોઈને આ જાગરણ વહેલું પ્રાપ્ત થાય છે તો કોઈને જિંદગીના અંતે સાંપડે છે, પરંતુ આવા જાગરણથી એનો આત્મા, એની દૃષ્ટિ, એની સૃષ્ટિ અને એનું સમગ્ર જીવન પરિવર્તન પામે છે અને એથી જ પ્રત્યેક વિભૂતિએ લોકસમૂહને ઉચ્ચ ધ્યેય કે લક્ષ્ય તરફ દોરી જવા માટે 'જાગો' શબ્દ પ્રયોજ્યો છે.

શ્રીકૃષ્ણ પ્રવર્તમાન દુરાચાર સામે જાગવાનું કહે છે. ભગવાન મહાવીર સર્વત્ર વ્યાપ્ત હિંસા સામે જાગવાનું કહે છે. શ્રી સહજાનંદ સ્વામી સામાજિક દૂષણો સામે જાગવાનું કહે છે અને સ્વામી વિવેકાનંદ માનસિક દારિદ્ર્ય ખંખેરીને ઉત્સાહ અને ચૈતન્યના અનુભવ માટે જાગવાનું કહે છે. પ્રત્યેક સંતે પોતાના યુગમાં સમાજને જાગવાનું કહ્યું છે. આ જાગૃતિનો પહેલો પ્રકાર તે રોજિંદા જીવનમાં મન, વિચાર અને વર્તનની જાગૃતિ છે. આને વ્યાવહારિક જાગૃતિ કહી શકાય.

આવી જાગૃતિ કાજે વ્યક્તિએ સ્વયંનો ગહરાઈથી અભ્યાસ કરવો જોઈએ. એણે સ્વજનને ઓળખવું જોઈએ. કઈ બાબતથી એને આનંદ અને પ્રસન્નતા જાગે છે તેનો વિચાર એ કરે તો તે સ્વાભાવિક છે, પરંતુ કઈ બાબતથી પોતાને તીવ્ર આઘાત કે ક્રોધ જાગે છે તેનો ય વિચાર કરવો જોઈએ. જે બાબતથી પોતાને આઘાત થાય છે એ જ બાબતથી અન્યને પણ આઘાત થતો હશે તે સમજવું જોઈએ. આ પ્રકારની જાગૃતિ ત્યારે સધાય કે જ્યારે વ્યક્તિ નિરપેક્ષ રીતે પોતાની જાતનો અભ્યાસ કરતો રહે. એમાંથી જ પછી એને યોગ્ય માર્ગદર્શન મળી રહે છે.

જીવનમાં સૌથી મહત્ત્વની બાબત તો પોતાના રોજિંદા જીવનમાં જે કંઈ બની રહ્યું છે, એને અંદરથી જોવું અને બહારથી જોવું. એનો અર્થ એ જ કે એની એક આંખ બાહ્ય અનુભવ પર હોય એને એની બીજી આંખ આંતરિક વિકાર પર હોય. કયો અનુભવ પોતાને કેટલો સુખદ કે દુઃખદ નીવડ્યો તેનો એ વિચાર કરશે અને સાથોસાથ કઈ રીતે પોતાનું આંતરિક દોષદર્શન કરીને એ કેટલો આંતરિક વિકાસ સાધી શક્યો તેનું નિર્મમ બનીને ચિંતન-દર્શન કરશે.

આમ એકસાથે બે પ્રક્રિયાઓ ચાલતી હોય છે : એક પ્રક્રિયા એ બહારથી ભીતર પ્રતિની અને બીજી પ્રક્રિયા ભીતરથી બાહ્ય પ્રતિની. આને માટે સૌથી મહત્ત્વની બાબત એ તાટસ્થ્ય એ જાતપરીક્ષણ છે. આ બે ઓજારથી વ્યક્તિ પોતાનો અધ્યાત્મ-માર્ગ કંડારતો રહેશે. વ્યક્તિને માટે અંદર બેઠેલા અહમને ઓળખવો સૌથી મુશ્કેલ હોય છે. અહમ્‌ને ઓળખવા માટે કેવી જાગૃતિ રાખીએ તેવી જાગૃતિ રાખવી જોઈએ. સાપની પ્રત્યેક હિલચાલ પર આપણે બારીક નજર રાખીએ છીએ અને જરાક સળવળાટ કરે તો અતિ સાવધ બની જઈએ છીએ.

આવી રીતે પોતાની જાતનું પરીક્ષણ કરવા જતાં સાધક કેટલાંય આંતરિક સત્યોથી જ્ઞાત થશે. પોતાની જાતનો ચહેરો પોતાના હૃદયના દર્પણમાં જોવા મળશે. આજ સુધી એ પોતાની જાતને ખુશ રાખવા માટે કેવા નાચ નાચતો હતો કે ખેલ કરતો હતો એનો અંદાજ આવશે. એના અહંકાર ઊછળી આવશે અને એ બોલતો સંભળાશે કે 'હું કદી ખોટું જોતો નથી, ખોટું કરતો નથી અને ખોટું વિચારતો નથી' અને વક્રતા એ હશે કે એ પોતાની અનુકૂળતા પ્રમાણે જોતો, કરતો એ વિચારતો હશે. એ એ જ સાંભળતો હશે, જે એને પસંદ હશે, એ એ જ જોતો હશે જે એને જોવું હશે, એ એ પ્રમાણે વિચારતો હશે જે પ્રમાણે એને પોતાની બાબતમાં વિચારવાનું ગમતું હોય છે.

એ પોતાના હિમાલય જેવડા દોષને રાઈ જેવડો ગણીને એની ઉપેક્ષા કરતો હશે અને બીજાના રાઈ જેવડા દોષને હિમાલય જેટલા મોટા કરીને જોતો હશે. વળી એ બીજાના ગુણોની પ્રશંસા કરવાને બદલે એનો શત્રુ બની જાય છે. અન્યની સમૃદ્ધિ, સત્તા, પદ અને અધિકાર એની અવિરત ઈર્ષ્યાનું કારણ બને છે. બીજાની શ્રેષ્ઠતા જોઈને એ એટલો બધો દુઃખી દુઃખી થઈ જાય છે કે એને હીન કે અધમ પુરવાર કરવા માટે એની વધુ ને વધુ નિંદા કરે છે.

આવી વ્યક્તિમાં બાહ્ય વૈભવની તીવ્ર લોલુપતા હોય છે. એ વૈભવ સત્તાનો હોય,

સમૃદ્ધિનો હોય કે પછી યશનો પણ હોય - પરંતુ જેમ બાહ્ય વૈભવ વધે છે તેમ તેમ એનું આંતરિક દારિદ્રય પણ વધતું જાય છે અને પછી એ વ્યક્તિ ભીતર તરફથી પોતાનું મુખ ફેરવીને માત્ર બાહ્યને જોતી હોય છે. પોતાના દોષ કે પોતાની ક્ષતિઓ જોવાની હિંમત એ ગુમાવી બેસે છે અને પોતે રચેલા માયાવી જગતના ભ્રમમાં પોતાની જાતને સાચવે છે. એ સ્વાર્થસિદ્ધિ કરે છે, બાહ્ય માનસન્માન પામે છે, પરંતુ એનું જીવન આનંદથી વંચિત એટલું જ નહીં, પણ સમય જતાં એની બાહ્ય સમૃદ્ધિની ઈચ્છા લોલુપતામાં પલટાય છે. પહેલાં એ વિવેક જાળવીને પ્રાપ્તિ કરતો હોય છે, યોગ્ય હોય તે સ્વીકારતો હોય છે, કિંતુ પછી એની લોલુપતા અને મહત્ત્વકાંક્ષા એને અયોગ્ય, અનિષ્ઠાકારક અને અનીતિમય માર્ગે લાલસાઓની પૂર્તિ માટે દોરી જાય છે.

જાતને જુઓ, જાતને ઓળખો, જાતને પડકારો, જાતને શોધો. એ વિશે ગહન વિચાર કરવો જોઈએ કે 'હું કોણ છું?' આ ઈચ્છાઓ કરે છે તે કોણ છે? આ કામનાઓની પાછળ દોડે છે તે કોણ છે? આ અશાંતિ વહોરી લાવે છે તે કોણ છે અને 'એ કોણ છે?'ની શોધ જ તમને તમારો ચહેરો બતાવશે. ભીતરની તપાસ થશે તો આપોઆપ વાણી, વિચાર અને વર્તનમાં પરિવર્તન આવશે. ઈસુ ખ્રિસ્તે કહ્યું છે કે, 'ચોખ્ખા દિલના લોકો પરમ સુખી હોય છે.' એનો અર્થ જ એ કે જો વ્યક્તિનું દિલ ચોખ્ખું હશે, તો એનું જીવન શુદ્ધ બનશે, એનાં વાણી, વર્તન અને વ્યવહાર શુદ્ધ બનશે અને એ ચોખ્ખા દિલની સાથોસાથ એના હૃદયમાં સચ્ચાઈ, સંયમ અને શુદ્ધિનો પ્રાદુર્ભાવ થશે, જેના દ્વારા એના જીવનમાં આપોઆપ શાંતિ, સ્વસ્થતા અને આનંદ પ્રગટશે અને એ પરમનો સ્પર્શ પામી શકશે.

એ સચ્ચાઈ સાથે પોતાના સ્વરૂપને જોશે અને પછી એ સ્વરૂપમાંથી જાગેલો સૂર એના જીવનનાં સર્વ કાર્યોમાં ગુંજી ઊઠશે. આ હૃદયની શુદ્ધતા કેવી હોય? બાળક જેવી. એક વખત ઈસુ ખ્રિસ્તને એમના એક શિષ્યે પૂછ્યું, 'તમે જે ઈશ્વરના રાજ્યની વાત કરો છો તે ઈશ્વરના રાજ્યમાં કોને પ્રવેશ મળશે?'

નજીકમાં એક બાળક હતું, તેને ઈશુએ મેજ પર ઊભું રાખીને કહ્યું : 'આ બાળકના જેવો જે હશે તેમનો ત્યાં પ્રવેશ થશે.'

શંકરાચાર્ય, શુકદેવ કે જ્ઞાનદેવ બાળક હતા ત્યારે જ એમના શુદ્ધ સ્વરૂપને કારણે પરમનો સ્પર્શ પામ્યા હતા. શિવાજી છત્રપતિના ગુરુ સમર્થ સ્વામી રામદાસને એક વાર બાળકો સાથે રમતા જોઈને લોકોને નવાઈ લાગી. એક વ્યક્તિએ એમને પૂછ્યું:

'અરે! આજે આપ શું કરો છો?'

સમર્થ સ્વામી રામદાસે કહ્યું, 'ઉંમરે જે છોકરાં જેવાં હતાં, તે મોટાં થઈ ગયાં અને ઉંમરે જે મોટાં હતાં તે ચોર થઈને રહ્યાં. ઉંમર વધે છે તેની સાથે માણસને શિંગડા ફૂટે છે, પછી ઈશ્વરનું સ્મરણ સરખું થતું નથી. નાના બાળકના મન પર કોઈ જાતના થર બાઝેલા હોતા નથી. તેની બુદ્ધિ નિર્મળ હોય છે.' હૃદયની આવી નિર્મળતા એ જ અધ્યાત્મનો મર્મ છે.

જીવનનું ધ્યેય કઈ રીતે નક્કી કરશો? કારણ એટલું જ કે જેની પાછળ અમૂલ્ય એવું જીવન સમર્પિત કરવું છે એવા જીવનનું ધ્યેય તો ઉત્કૃષ્ટ હોવું જોઈએ. જો ધ્યેય જ ખોટું મળી જાય, તો આખી જિંદગી વ્યર્થ વેડફાઈ જાય. આથી સમાજસેવક હોય, જીવનસાધક હોય કે આત્મસાધક હોય, પણ એણે એના ધ્યેયની પૂરી ચકાસણી કરવી પડે. ક્યારેક વ્યક્તિ લાગણીના આવેશમાં આવીને અમુક નિશ્ચય કરી નાખે છે. ઘણી શિક્ષિત વ્યક્તિઓ પણ પોતાની અંગત લાગણીએ લીધેલા અધકચરા નિર્ણયો પર ચાલતી હોય છે. કોઈ યુવાનને પ્રણયભંગ થાય તો એની પાછળ પોતાની પ્રિયતમાને કારણરૂપ માનીને સમય જતાં એ સમગ્ર સ્ત્રીજાતિ પ્રત્યે નફરત કેળવે છે. કોઈ સ્ત્રીને એક પુરુષનો ખરાબ અનુભવ થાય એટલે આખી પુરુષજાતને રાવણસમી માનીને નિંદે છે. આમ ઘણી વાર આપણા અંગત જીવનની લાગણીઓ ગ્રંથિ રૂપિ બંધાઈ જાય છે અને એને પરિણામે વ્યક્તિ ઔદાર્ય અને વ્યાપકતા ગુમાવે છે, આથી આપણી લાગણીઓ પર આધાર રાખીને આપણે કોઈ ધ્યેય નક્કી કરી શકીએ નહીં.

ઘણી વ્યક્તિઓની લાગણી સમયાનુસાર બદલાતી હોય છે. એક સમયે એક વ્યક્તિને એનો પુત્ર પ્રિય લાગે છે અને થોડે વખતે તદ્દન અપ્રિય બની જાય છે, વળી એ પુત્ર જો મદદ કરે તો પાછો પ્રિય બની જાય છે. લાગણીના સતત પરિવર્તનને કારણે નિર્ણય બાંધી શકાય નહીં. આને માટે શ્રીમદ્ ભગવદ્ગીતામાં 'નિષ્ઠા' શબ્દ પ્રયોજાયો છે. આ નિષ્ઠા એટલે શું? એની વ્યાખ્યા કરતાં 'ગીતાબોધવાણી'માં શ્રી રવિશંકર મહારાજ કહે છેઃ

'નિષ્ઠા એટલે નિશ્ચય કરીને એક વસ્તુ નક્કી કરીને તેમાં ચોંટી જવું, દૃઢ થઈ જવું. નિષ્ઠા એટલે ચોક્કસ રીતે સિદ્ધ થયેલી વસ્તુ. નિષ્ઠા એટલે પોતાનું પ્રત્યક્ષ થયેલું દર્શન.'

આવો નિષ્ઠાનો મહિમા છે અને આવી નિષ્ઠા રાખીને જીવનમાં ધ્યેય પ્રતિ ગતિ કરવાની છે. આ નિષ્ઠા હોય તો જ પ્રતિકૂળ સમયમાં પણ વ્યક્તિ દૃઢ અને અડગ રહે છે. રાજમાર્ગ પરથી સાંકડો માર્ગ આવતાં એ માર્ગ વ્યક્તિ બદલી નાખતી નથી. આનો

અર્થ જ એ કે જેને પોતાની નિષ્ઠાને અનુસરીને ધ્યેય સિદ્ધ કરવું છે એના માર્ગમાં મુશ્કેલીઓ તો આવવાની. પાર વિનાની પ્રતિકૂળતાનો સામનો કરવાનું બનવાનું. કારણ એટલું કે જેણે ધ્યેય સિદ્ધ કરવું છે. એણે પ્રતિકૂળતાઓ પર વિજય મેળવવાનો છે.

રાજકુમાર વર્ધમાને સઘળો રાજવૈભવ ત્યજીને જંગલમાં સાડા બાર વર્ષ સુધી કઠોર તપ કર્યું. રાજકુમાર વર્ધમાનમાંથી યોગી મહાવીર બનેલાં. એમને સાડા બાર વર્ષ દરમિયાન તેર જેટલી ભયાનક આફતો (ઉપસર્ગ)નો સામનો કરવો પડ્યો. કૂવામાં ઝબોળાવું પડ્યું. દોરડાથી બંધાવું પડ્યું, અજ્ઞાનીઓનો માર ખાવો પડ્યો, સિપાહીઓની ધરપકડ વેઠવી પડી. કાનમાં કાષ્ઠશૂળ ભોંકાયા, ચંડકૌશિક સર્પે દંશ આપ્યો, છ મહિના સુધી વીસ ઉપસર્ગો સહન કર્યા. આમ તમારા ધ્યેયમાંથી તમને ચલિત કરવા માટે દુષ્ટ તત્ત્વો તમને અટકાવશે. એની પાસે એક નહીં, પણ અનેક તરકીબો હોય છે. એ બધી તરકીબો એ અજમાવશે. દુર્યોધને પાંડવોનો નાશ કરવા માટે કેટલાં બધાં કાવતરાં કર્યાં હતાં!

તમારા વિરોધીઓ લુચ્ચાઈ અને જુઠ્ઠાણાનો આશરો લઈને તમારે વિશે ઘણી બાબતો ફેલાવશે. ધ્યેયને માટે ઝઝૂમનાર પાસે આની સામે મજબૂત સંઘર્ષ ખેલવાની તૈયારી હોવી જોઈએ. દુશ્મની તો એની પાસેના તમામ દાવપેચ અજમાવશે, એટલું જ નહીં, પરંતુ તક મળે તો આવી ધ્યેયનિષ્ઠ વ્યક્તિને હણી નાખવા કોશિશ કરશે. ભક્તોના જીવનમાં આવી કઠિનાઈની કસોટીભરી ઘણી કથાઓ મળે છે. પણ અંતે એમાં ભક્તનો વિજય થાય છે, એનું કારણ એમની નિષ્ઠા અને ભક્તિ છે. આથી જ સંત કબીરે યોગ્ય રીતે કહ્યું છે:

''જાકો રાખે સાંઈયાં, માર ન સકિ હૈ કોય;
બાલ ન બાંકા કરિ સકૈ, જો જગ વેરી હોય.''

આવી ભક્તિ એ વ્યક્તિનાં બધાં દુ:ખો દૂર કરે એવું કદાચ ન બને, પરંતુ એને એ દુ:ખો સહન કરવાની શક્તિ તો જરૂર આપે છે. દુ:ખો વચ્ચે પણ એ પ્રસન્નતા ધારણ કરી શકે છે. એની પ્રતિકૂળતાને એ અનૂકુળતામાં પરિવર્તિત કરી શકે છે. ક્રોધ અને ઉશ્કેરાટના પ્રસંગોને શમાવીને એ સમતાથી જીવી શકે છે, પરંતુ એ બધાનું મૂળ કારણ તો એની નિષ્ઠા અને ધ્યેય છે. જેની પાસે ધ્યેય હોતું નથી એની પાસે જીવન વિશેની અસ્પષ્ટતા અને અનિશ્ચિતતા હોય છે. ધ્યેયરહિત વ્યક્તિને પવન પણ સહાય કરતો નથી.

આનું કારણ શું? આનું કારણ એ છે કે આવી વ્યક્તિ જીવનની પ્રત્યેક બાબતમાં દ્વિધા અનુભવતી હોય છે અને પ્રત્યેક પ્રશ્ન અંગે અનિર્ણયાત્મકતા ધરાવતી હોય છે. એની પાસે પોતાનો કોઈ માપદંડ હોતો નથી અને તેને પરિણામે વિકટ પરિસ્થિતિમાં એક પક્ષે જવું કે સામા પક્ષે રહેવું એનો નિર્ણય કરી શકાતો નથી.

શેક્સપિયરના વિખ્યાત નાટક 'હૅમ્લેટ'ના નાયક હૅમ્લેટની અનિર્ણયાત્મકતા જે અંતે એને માટે નુકસાનકારક અને જીવનનાશક પુરવાર થાય છે. આવી અનિર્ણયાત્મકતા વ્યક્તિમાં અસલામતી અને અનિશ્ચિતતા લાવે છે. નેલ્સન મંડેલાની સામે અનેક પ્રલોભનો હતાં. દક્ષિણ આફ્રિકાની શ્વેત સરકારે એને લાલચો આપવામાં કશું બાકી રાખ્યું નહોતું અને યાતના આપવામાં પાછું વળીને જોયું પણ નહોતું, આમ છતાં એ ધ્યેય પર દૃઢ રહ્યા અને તેથી સફળ થયાં.

ધ્યેયદૃઢતા જીવનમાં આવતી દ્વિધા, અનિશ્ચિતતા અને આફતોને અળગી કરી નાખે છે. 'ફિકરની ફાકી કરે, ઉસકા નામ ફકીર' એમ કહેવાયું છે. આવા ફકીર વિશે કંઠ, કહેણી અને કવિતાનો વારસો પામેલા ભક્ત કવિ દુલા 'કાગે' કહ્યું છે,

''જગમાં જેનું નામ ફકીર જી!
એનું નામ ફકીર જેની મેરુ સરીખી ધીર,
જગમાં એનું નામ ફકીર જી...
વિપતથી વણસે નહીં, એનું સંતોષી શરીર જી,''
'કાગ'ને કાયમ મળ્યો જેનાં દિલ નહીં દિલગીર... જગમાં''

આથી ધ્યેય નક્કી કરતી વખતે વ્યક્તિએ એક સ્પષ્ટ દર્શન કેળવવું પડશે. વળી ધ્યેય નક્કી કરવાનો એક લાભ એ છે કે એનાથી વ્યક્તિ પોતાની જાતનું નિરક્ષણ અને આત્મવિસ્તાર સાધી શકે છે. એને એની ક્ષતિઓ સમજાય છે અને પોતાની ક્ષતિઓ દૂર કરતો જાય છે અને ધ્યેય તરફ આગળ ધપતો જાય છે. આથી ધ્યેય એ એના વ્યક્તિત્વના વિકાસનું એક કારણ બને છે.

પોતાની ત્રુટિઓ અને ભૂલોને મહાત્મા ગાંધીજી કઈ રીતે જુએ છે તે રસપ્રદ બાબત છે. તેઓ પોતાની સફળતા અને શક્તિની માફક જ આ ભૂલોને પણ ઈશ્વરની દેન સમજે છે. આથી જ ઈશ્વરે પોતાના જેવા અપૂર્ણ મનુષ્યને આવા મહાપ્રયોગ માટે પસંદ કર્યા તેમ કહે છે. મહાત્મા ગાંધીજી પોતાની અપૂર્ણતાઓ સતત જોતા રહે છે અને એ રીતે પૂર્ણતા તરફ ગતિ કરે છે. ધ્યેય પ્રત્યેનું પ્રયાણ વ્યક્તિને એક એવી કર્તવ્યનિષ્ઠા બક્ષે છે કે જેને કારણે એના જીવનમાં ઘણી ક્ષુદ્ર અને સ્થૂળ બાબતો પ્રવેશતી જ નથી અને કેટલાય દંભ અને આડંબર એકસો ગાઉ છેટા રહે છે.

❖❖❖

# માણસ આંતરિક રીતે કેવો છે તે મહત્ત્વનું છે

## એક રાજકુમારે ભગવાન બુદ્ધ પાસે જઈને કહ્યું કે મને દીક્ષા આપો ત્યારે...



આશુ પટેલ

ભગવાન બુદ્ધ ઉપદેશ આપી રહ્યા હતા. એવામાં એક કુમાર આવીને ઊભો રહ્યો. એણે રાજવી જેવો વૈભવ કર્યો હતો, એના અંગેઅંગમાંથી સુગંધ લહેરાતી હતી. એના હાથ ઉપર સોનાના સુંદર બાજુબંધ હતાં. ગળામાં હાર પહેર્યો હતો. કાન ઉપર કુંડળ લટકતાં હતાં.

ભગવાન બુદ્ધને નમન કરી એ બાજુ પર બેઠો.

ભગવાને પૂછ્યું : 'ક્યાંથી પધારો છો ?'

યુવકે કહ્યું : 'ભગવાન હું રાજકુમાર છું અને ચંબલ રાજમાંથી આવું છું.'

'યુવક, તારું નામ ?'

'પ્રભુ, મારું નામ જૈતસિંહ છે'.

'પ્રયોજન ?'

'પ્રભુ ! આ અસર સંસારમાંથી મારું મન ઊઠી ગયું છે. અધિક ધનવૈભવ હોવા છતાં મને એ સુખ કે સંતોષ કંઈ જ આપી નથી શકતાં. ક્ષણે ક્ષણે થાય છે કે આ બધું ક્ષણભંગુર છે.'

'કારણ ?'

'કંઈ જ સમજાતું નથી. ઈચ્છા છે કે આપની પાસે જ રહી જાઉં.'

'એ કેમ બને ?'

'પ્રભુ ! આપ મને દીક્ષા આપો, આપનો ભિક્ષુક બનાવો.'

'જૈતસિંહ, એ કેમ બને ?'

'કેમ ન બની શકે, પ્રભુ ?'

'ભાઈ, પાત્રતા વિના દીક્ષા કેમ અપાય ? અને મને તારો બીજો તો કંઈ પરિચય જ નથી.'

'ભગવાન, હું કેટલે દૂરથી આવું છું ? કેટલી બધી ઈચ્છા કરીને આવ્યો છું.'

'તારી વાત સાચી છે ભાઈ.'

'તો પછી પ્રભુ મને નિરાશ ન કરો. મને દીક્ષા આપો.'

'પણ કુમાર, માત્ર કપડાં પહેરવાથી થોડું જ સંન્યાસી બની જવાય છે ? સંન્યાસ લેનારના દિલમાં એ ગુણ ઓતપ્રોત થવા જોઈએ. મનમાં ખૂણેખૂણેથી કામ, ક્રોધ, મદ, લોભ અને ઘૃણા જેવા કચરાને સાફ કરવો જોઈએ.'

'પરંતુ પ્રભુ ! મારા મનમાં એવી કોઈ લાગણી હજુ ઘર કરી ગઈ છે એમ તમે કેમ કહો છો ?'

'કુમાર, એ માટે તું તારા મનને પૂછ.'

'પ્રભુ, કંઈ સમજાતું નથી.'

'કુમાર, પોતાની ભૂલ ન સમજાય એ સ્વાભાવિક છે. તારા પિતાના દરબારમાં તારો એક મિત્ર દરરોજ આવતો હતો. તેને એક બીજો પણ મિત્ર હતો. આથી તે તેના તરફ વધુ ઢળ્યો. આથી તારા મનમાં એના પ્રત્યે વધુ દ્વેષ થયો, ખરું કે નહીં ? એક નાની ભૂલ માટે તેં તારી પત્નીને કેટલાં કઠોર વચનો કહ્યાં. તેણે ભૂલની માફી માગી છતાં તેને કાઢી મૂકી ખરું ! આજ તે તેના પિતાને ત્યાં છે અને તારી તરફ ઘૃણાથી જુએ છે. તારા મનમાં આવા કેટકેટલા પ્રસંગોની ઘટમાળાઓ એક પછી એક ચાલ્યા કરતી રહે !'

'પરંતુ પ્રભુ !'

'સાંભળ ભાઈ, જ્યારે અન્ય માનવી તારા તરફ દ્વેષ કે ઘૃણાથી જોતાં હોય કે તારા મનમાં ઘટમાળાઓ ચાલ્યા કરતી હોય ત્યારે એ માણ દીક્ષાનો અધિકારી નથી બની શકતો. જેનું મન નિર્મળ હોય, જેને દરેક પ્રત્યે આદર હોય તે જ દીક્ષાનો ખરો અધિકારી છે.'

ભગવાન બુદ્ધનાં વચનો સાંભળી કુમાર ઊંડા વિચારમાં ડૂબી ગયો. એના મનમાં તુમુલ યુદ્ધ જામ્યું. તથાગતના ચરણમાં નમી એ બોલ્યો : 'પ્રભુ ! તમે મારી આજે આંખો ખોલી મને મારી ભૂલ સમજાવી છે. હૃદયમાં સંઘરાયેલા એ દુર્ગુણોને કાઢી અને દિલ જ્યારે નિર્મળ બનશે ત્યારે જ તમારી પાસે હું આવીશ.'

નમન કરી કુમાર ચાલ્યો ગયો.

★★★

આ કથાનો સાર એ છે કે ભગવા કપડાં પહેરી લીધા હોય અથવા દેખીતી રીતે સંસારથી અલિપ્ત થઈ ગયાં હોય, પણ મનમાંથી ઈર્ષા, ક્રોધ અને અહંકાર ન ગયાં હોય એવા માણસોનું જીવન સામાન્ય માણસ કરતાં પણ ઊતરતી કક્ષાનું ગણાય. પછી ભલે ને લાખો લોકો તેને ભગવાન માનીને પૂજતા હોય.

❖❖❖

### જીવનમાં દરેક પ્રક્રિયા અને કર્મનું પોતાનું મહત્ત્વ છે

યુવકે સંતને કહ્યું કે, હું જીવનમાં સર્વોચ્ચ શિખર ઈચ્છુ છું. પરંતુ નીચેથી શરૂઆત કરવા માંગતો નથી. સંતે કહ્યું કે પહેલા તું બગીચામાંથી સુંદર ગુલાબ તોડીને લાવ, શરત છે જેટલા ફૂલ પાછળ રહી જશે, તેને પાછા વળીને તોડવાના નહીં. યુવક જ્યારે પણ ગુલાબ તોડવા આગળ વધતો, તેને થોડે દૂર તેનાથી પણ સુંદર ગુલાબ દેખાતા, એ તેને છોડીને આગળ વધી જતો. આમ ને આમ તે બગીચાના છેડે પહોંચી ગયો, પરંતુ ત્યાં તો બધા ફૂલ મુરઝાઈ ગયા હતા. તે ખાલી હાથ હતો. સંતો કહ્યું, જીવન આવું જ છે. શરૂઆતથી જ સારા કર્મ કરતા રહેવું જોઈએ.

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા *તથા***
**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન આયોજીત**
**શ્રીમતી હંસાબેન આશકરણભાઈ શાહ સેનેટોરિયમ - માથેરાન**
***તથા***
**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહ અતિથિ ભવન -નાલાસોપારા**

# વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન સમારોહ

**સંધ્યા શાહ**

૨૦૨૩ ના નવા વર્ષે, મકરસંક્રાન્તિના પાવન પર્વે, માનવ સેવા સંઘના અત્યંત શાનદાર બેન્ક્વેટ હોલમાં ઉપરોક્ત બન્ને પ્રકલ્પોના વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન પ્રસંગે સ્નેહસભર પારિવારિક માહોલ સર્જાયો હતો. કોવિડ કાળ પછી ઘણા સમયે સમાજના શ્રેષ્ઠીઓ અને ઉત્તમ કાર્યકર્તાઓનું સુભગ મિલન હતું. ઝાલાવાડી સભાના ઈતિહાસમાં પહેલી વખત એક જ પ્રકલ્પમાં રૂા. બે કરોડ નું અનુદાન આપનારા શ્રી આશકરણભાઈ શાંતિલાલ શાહ - માથેરાન સેનેટોરિયમના દાતા તથા ઝાલાવાડી સભાના ઈતિહાસમાં સહુથી વધુ અનુદાન આપનારા શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ પરિવાર - ના આ બે પ્રકલ્પોના ઉદ્‌ઘાટનની શરૂઆત સંગીતના સૂરો સાથે થઈ.પ્રતિક મહેતા અને કલાકારોએ રાષ્ટ્રગીત અને નવકાર મંત્રથી શરૂઆત કરી

પત્રિકાના તંત્રી શ્રીમતી સંધ્યાબેન શાહે સંચાલનના સૂત્રો સંભાળ્યા. ઝાલાવાડી સભાના ૧૨૦ વર્ષના આયખામાં જે નિષ્ઠાવંત-કર્મઠ વડીલોએ અપાર પરિશ્રમ ઉઠાવ્યો છે તેવા વડીલોનું સ્મરણ કર્યું.

ઝાલાવાડી સભાના અત્યંત નૈસર્ગિક, વૃક્ષરાજીથી છવાયેલા, સાડા પાંચ એકરની જમીન પર વિસ્તરેલા માથેરાન સેનેટોરિયમની વિગત આપી. તમામ દાતા પરિવારની ઉપસ્થિતિમાં એક સરસ મજાની દશ્ય-શ્રાવ્ય ઝલક દેખાડવામાં આવી - માથેરાનના અદ્યતન સજાવટ પામેલા બંગલાઓ, ભોજનાલય, ક્રિડાંગણ અને કિલ્લોલ કરતા સભ્ય ભાઈબહેનોના પરિવાર... સહુ પ્રસન્ન થઈ ગયા.

પ્રિય પત્નીના નામથી આટલું મોટું અનુદાન આપનાર શ્રી આશકરણભાઈ શાંતિલાલ શાહ અને તેમના પરિવાર-જનોએ વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન કર્યુ. તાળીઓના ગડગડાટ થયો.

પ્રમુખશ્રી ગુણવંતભાઈ શાહ તથા ઉપ-પ્રમુખશ્રી પ્રવિણભાઈ શાહે શ્રી આશકરણભાઈ શાહનું સન્માન કર્યુ. પ્રિયજનની સ્મૃતિથી સજળ થયેલી આંખો તથા સાર્થકતાના અહેસાસથી સંતોષ અનુભવતા આશકરણભાઈએ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી. ઝાલાવાડી સભા ખૂબ પ્રગતિ કરે તેવા આર્શીવચન આપ્યા. ભાવુક થયેલા આશકરણભાઈના પ્રવચનનું સમાપન પ્રવિણભાઈએ કર્યુ . તેમણે એ પણ જણાવ્યું કે હૉસ્પિટલના પ્રોજેક્ટ માટે રૂા. ૧૫ કરોડ વાપરવાની આશકરણ-ભાઈની ભાવના છે.

પ્રથમ બંગલાના દાતા શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ પરિવારના મોટા સુપુત્ર ભાઈલાલભાઈ પણ આજે ઉપસ્થિત હતા. કમિટી તથા આશકરણભાઈનો આગ્રહ આજે તેમને અહીં ખેંચી લાવ્યો હતો. ઝાલાવાડી સભાના તમામ પ્રકલ્પોમાં ગંભીરચંદ ઉમેદચંદ શાહ પરિવારનું યોગદાન હોય જ. સંધ્યાબેને ૧૨ વર્ષ સુધી ઝા. સભાના ટ્રસ્ટી પદે રહેલા ગંભીરચંદભાઈની કાર્યકુશળતા નો પરિચય આપ્યો. શ્રી ભાઈલાલભાઈ તથા પરિવારનું સન્માન કર્યુ, ટ્રસ્ટી-મંત્રી શ્રી પંકજભાઈ તથા શ્રીમતી મનિષાબેને.

બીજા બંગલાના દાતાશ્રી ગુણવંતભાઈ દીપચંદભાઈ શાહ - સભાના અત્યંત સાલસ, સૌમ્ય પ્રમુખ - ઉદ્યોગપતિ, ઝા. સભામાં ૩૦ વર્ષ સુધી કાર્યરત રહેલા ગુણવંતભાઈની સદ્‌ગત પત્ની કોકિલાબેનની સ્મૃતિમાં રૂા. ૨૦ લાખનું અનુદાન આપનારા પ્રમુખની ઉપસ્થિતિ કાર્યકરોમાં ઉત્સાહ રેડતી હતી. બધાજ ટ્રસ્ટીઓએ સાથે મળીને પ્રમુખશ્રીનું અભિવાદન કર્યુ. આ સરસ મજાના માહોલમાં ગુણવંતભાઈએ **રૂા.૫૧ લાખનું** અનુદાન જાહેર કર્યુ સહુએ આ ઔદાર્યના પળોની વધારી લીધી.

ત્રીજા બંગલાના દાતા શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયા - સભાના ટ્રસ્ટી, અત્યંત વિશાળ કારોબાર ધરાવતા, **JIO** ના **global director** તથા કાનૂની સલાહકાર શ્રી મહેન્દ્રભાઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે પ્રિયાબેન પણ કમિટી મેમ્બર છે તેમનું સન્માન મંત્રીશ્રી અતુલભાઈ શાહ તથા અનિલભાઈ સંઘવીએ કર્યુ.

માથેરાન સેનેટોરિયમ આધુનિક ભોજનાલય માટે રૂા. ૨૫ લાખનું અનુદાન શ્રીમતી જયશ્રીબેન મહેન્દ્રભાઈ ડેલીવાળાએ આપ્યું છે. છોટાલાલ કેશવલાલ ડેલીવાળા પરિવાર માથેરાન, દેવલાલી સેનેટોરિયમ તથા શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં ખૂબ હોંશથી સહભાગી થયો છે. આ પરિવારના શ્રીમતી જયશ્રીબેનનું સન્માન શ્રીમતી સંધ્યાબેન શાહે કર્યુ .

માથેરાન સેનેટોરિયમના ખુલ્લા વિશાળ પ્રાંગણમાં બાળકોને આકર્ષિત કરે તેવા સુંદર ક્રિડાંગણના દાતા સ્વ. રેખાબેન હેમેન્દ્રભાઈ શાહ (કાનિયાડવાળા) પરિવાર છે. ૧૧૧ વર્ષ જૂની છગનલાલ કેશવજીની કંપની - કાનિયાવાડવાળા પરિવારની આ પેઢી

વિશેષપણે અબોલ પ્રાણીઓ માટે દાનનો પ્રવાહ વહાવી રહી છે તેઓ સદાય મૂક દાતા રહ્યા છે. સ્વ. રેખાબેન મહેન્દ્રભાઈના બન્ને સુપુત્રો - પુત્રવધૂઓ - ભાવનાબેન મિહિરભાઈ તથા પૂજાબેન ગૌરવભાઈનું સન્માન સહમંત્રીશ્રી મુકેશભાઈ ચશ્માવાળા તથા નરેન્દ્રભાઈ સંઘવીએ કર્યું.

સેનેટોરિયમને નવું કલેવર આપવામાં, ખાસ કરીને માથેરાનમાં જ્યાં ઘોડા સિવાય કોઈ વાહન ઉપલબ્ધ નથી, ત્યાં નવીનીકરણનું કાર્ય કસોટી કરે તેવું હતું. સતત છ વર્ષથી આ કાર્યમાં ખૂંપેલા કન્વીનર શ્રી અતુલભાઈ કાંતિલાલ વોરાનું સન્માન શ્રી આશકરણભાઈની સાથે ટ્રસ્ટી શ્રીમતી મનિષાબેને કર્યું.

અતુલભાઈના કાર્યના સહયોગી રહ્યા મિતેશભાઈ શાહ - જેઓ **JIO** રોટી ઘર ના ફાઉન્ડર ટ્રસ્ટી છે. તેઓ સતત સેવાના કાર્યો કરતા રહે છે. મિતેશભાઈ શાહનું સન્માન ટ્રસ્ટીશ્રી મહેશભાઈ વોરાએ કર્યુ.

ત્રણ વર્ષથી માથેરાન સેનેટોરિયમનું કામ સંભાળતા, પ્રકૃતિ પ્રેમી શ્રી ધીરેનભાઈ મગિયાનું સન્માન સભાના ખજાનચી શ્રી દિલીપભાઈ શાહ તથા શ્રી મહેશભાઈ દોશીએ કર્યુ.

બીજો દોર હતો શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ - નાલાસોપારા અતિથિભવનનો. નાલાસોપારાના વિશાળ ઉપાશ્રયના પરિસરમાં અતિથિભવન રચાયું. જેમાં સાત, સેલ્ફ કન્ટેન્ડ રૂમો ને પ્રત્યેક રૂમમાં ત્રણ પલંગની સુવ્યવસ્થા કરવામાં આવી. ખરેખર તો ગર્લ્સ હોસ્ટેલ બનાવવાનો વિચાર હતો. પણ પછીથી તેને અતિથિ ભવન બનાવી દેવામાં આવ્યું. વસઈ-વિરાર-ભાયંદર-દહિંસર તથા નાલાસોપારાના આપણા સાધર્મિક બંધુઓ માટે એ ખુબ ઉપયોગી નિવડે તેમ છે. 'મુંબઈમાં રોટલો મળે પણ ઓટલો ન મળે.' એ તો બધાને ખબર જ છે - એટલે જો પરિવારમાં કોઈ પ્રસંગ હોય તો મહેમાનોને માટે પણ, આ વ્યવસ્થા આશીર્વાદરૂપ બની જાય. સાત રૂમનું એક દિવસનું ભાડું સભાના સભ્યો માટે માત્ર રૂા. ૩૫૦૦ રાખવામાં આવ્યું છે. સંધ્યાબેને આ વિગતો આપ્યા પછી અતિથિભવનની એક દશ્ય - શ્રાવ્ય ઝલક બતાવવામાં આવી. ભાઈલાલભાઈ, પ્રવીણભાઈએ, સપરિવાર અતિથિભવનનું વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન કર્યુ - આ પ્રસંગે શ્રી ભાઈલાલભાઈ તથા પ્રવીણભાઈનું સભાના પ્રમુખશ્રી ગુણવંતભાઈ તથા મંત્રી શ્રી પંકજભાઈએ સન્માન કર્યુ.

૪૦ વર્ષથી સભા સાથે જોડાયેલા, જેમની ત્વરિત બુધ્ધિશક્તિ, કુશાગ્રતા અને અસાધારણ પ્રતિભાનો સંસ્પર્શ અનેક સંસ્થાઓને થયો છે તેવા શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહનું સન્માન કરવાનો આ સોનેરી અવસર હતો. 'સમાજગૌરવ' કહો કે 'સમાજરત્ન' અર્પણ કરવાનો સહુનો અદમ્ય ઉત્સાહ હતો. પ્રવીણભાઈ એ વાત સ્વીકારે જ નહીં ! સંધ્યાબેને એમના શૈક્ષણિક-વ્યાવસાયિક તથા સામાજિક બહોળા યોગદાનનો પરિચય આપ્યો. સાથે સાથે એમની નમ્રતા-સાલસતા - વિચક્ષણતા અને કુટુંબપ્રેમની પણ વાતો કરી. સહુએ આ આખા પરિચય દરમ્યાન Standing Ovation આપીને આ ઝાલાવાડી સભાના અમુલ્ય રત્નને હૃદયથી વધાવ્યા. ટ્રસ્ટીઓ, દાતાઓ, નવિનભાઈ મણિયાર, જશુભાઈ ટુવાવાળા, વિપુલભાઈ મોદી, અજયભાઈ ખંધાર, જીતુભાઈ ખાટડિયા, વગેરે અનેક મહાનુભાવો સન્માનના સહભાગી થયા.

નાલાસોપારા અતિથિભવનને અદ્યતન સુવિધાથી સજ્જ કરનાર કન્વીનર મંત્રી શ્રી અતુલભાઈ શાહનું સન્માન શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયાએ કર્યું.

અતુલભાઈના કાર્યમાં સહભાગી બનેલા મંત્રીશ્રી અનિલભાઈ સંઘવીનું સન્માન શ્રી અતુલભાઈ વોરાએ કર્યુ તથા નાલાસોપારા સ્થિત - ઉપાશ્રયના કન્વીનર, ખજાનચી શ્રી દિલીપભાઈનું સન્માન શ્રી મિતેશભાઈ શાહે કર્યુ.

સભાના સ્વધર્મી સહાયક યોજનાના દાતા શ્રી મયંકભાઈનું સન્માન શ્રી પ્રવિણભાઈ તથા આશકરણભાઈએ કર્યુ. આ તબક્કે ધર્મની ધરોહર નિભાવનારા અને એક પણ સાધર્મિક ભૂખ્યો ન રહે તે જોવાની ભાવના રાખનારા મયંકભાઈએ સભાની સુદૃઢતા અને ઐક્ય વિશે મનનીય વિચારો દર્શાવ્યા.

સમગ્ર વિશ્વ જ્યારે કોમ્પ્યુટર પર નિર્ભર થઈ ગયુ છે ત્યારે ઝા. સભા પણ એ જ પંથે આગળ વધી રહી છે. હવે તો પત્રિકાનું લવાજમ, નવા સભ્યોની પ્રવેશ ફી, સેનેટોરિયમ બુકિંગના રૂપિયા, સભાને મળતું અનુદાન તથા પત્રિકામાં પ્રગટ થતી જાહેરખબરો બધું જ Online થઈ ગયુ છે. વેબસાઈટ માટે ૧૧ લાખ રૂા.નું અનુદાન આપનાર શ્રુતિબહેન આ પ્રસંગે ઉપસ્થિત નહોતા રહી શક્યા. વેબસાઈટ ટીમના કન્વીનર શ્રીમતી મનિષાબેનનું સન્માન શ્રીમતી સંધ્યાબેન શાહે કર્યુ હતું.

સભાના મહામંત્રીશ્રી પંકજભાઈ સંઘવીએ આ પ્રસંગે ઉપસ્થિત સમાજશ્રેષ્ઠીઓ, દાતાઓ તથા શુભેચ્છકો, મ્યુઝીકલ પાર્ટીના કલાકારો, કાર્યક્રમના સંચાલક સંધ્યાબેન, કમ્પ્યુટરની વ્યવસ્થા સંભાળનાર હિતેશભાઈ, સ્વાદિષ્ટ ભોજન માટે અમર કેટરર્સ તથા માનવ સેવા સંઘના પદાધિકારીઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. પ્રતિક મહેતા તથા કલાકારોએ સુંદર ગીતો સાથે સાંજને સ્મરણીય બનાવી દીધી.

મોજ મસ્તી સાથે સંગીત ગૂંજી ઉઠ્યું. ભોજનની અદ્‌ભુત વ્યવસ્થા હતી. સહુએ તેનો આસ્વાદ લીધો ને એક પ્રોત્સાહક કાર્યક્રમમાં સહભાગી થયાના પરિતોષ સાથે સહુ છૂટા પડ્યા. ❖❖❖



# પૂરણપોળી

■ રેણુકા દવે

નંદિતાબેન આજે ઘરમાં સાવ એકલાં હતાં.

ઘરનાં બધાંને એક જ સમયે જુદી જુદી જગ્યાએ બહારગામ જવાનું થયું. દીકરો અને વહુ બે બાળકોને લઈને દસ દિવસ માટે મનાલી ફરવા ગયાં, તેના બીજા જ દિવસે દીકરીને ઑફિસની કોઈ મિટિંગ માટે સૂરત જવાનું થયું. એય વહેલી સવારે પાંચેક વાગે નીકળી ગઈ. ઘરમાં નંદિતાબેન અને સંજીવભાઈ બે એકલાં રહ્યાં. તે ઘણા દિવસે પછી સવારે ચા પીતાં પીતાં પતિપત્નીએ કલાકેક વાતો કરી. પણ નવેક વાગે વડોદરાથી સંજીવભાઈના ખાસ મિત્ર રણધીરનો ફોન રણક્યો -

'હેતલ સિરીયસ છે. આઈ.સી.યુ.માં. છે તું અહીં આવી શકે, દોસ્ત ?'

ને સંજીવભાઈ તરત જ ગાડી લઈને વડોદરા જવા નીકળી ગયા. હેતલ રણધીરભાઈની પત્ની. તેમનાં બે સંતાનો અને તેમનું ફેમિલી લંડન રહે છે વર્ષોથી.

સાત જણથી ધમધમતાં ઘરમાં આવું તો ભાગ્યે જ બનતું, અને બને તો પણ થોડા કલાકો માટે બને. નંદિતાબેને જોકે, આજે સવાર સુધી ઘણા મહિનાઓ પછી ઘરમાં સંજીવ સાથે એકલા રહેવાના આવી પડેલા સંજોગોમાં જૂના દીવાના રંગો ભરવાના મૂડમાં હતા પણ...

સંજીવનું પાછા ફરવાનું કંઈ નક્કી ન કહેવાય. રણધીરભાઈ તેના જિગરી દોસ્ત. કૉલેજકાળની મિત્રતા. વળી રણધીરભાઈ સ્વભાવે થોડા રિઝર્વ. તેમને ખાસ કોઈની સાથે નિકટતા નહીં, તેથી સગો ગણો કે મિત્ર, સંજીવ જ છે ને !- નંદિતાબેન વિચારી રહ્યાં.

ooo

નંદિતાબેનનો દિવસ સવારના પાંચ વાગ્યાથી શરૂ થઈ જતો. ચા-દૂધ બનાવવા, માટલાં ભરવાં, પૂજા પાઠ કરવા, ડૉક્ટરે બતાવેલી હળવી કસરતો કરવી વગેરે. બધાનાં ઊઠ્યાં પછી જેને જેવી જરૂરિયાત હોય તેમાં તે પરોવાઈ જતાં. એ પછી દીકરાની ચા કરવાની હોય, બાળકોનાં લંચબૉક્સ ભરવાનાં હોય, દીકરીનો દુપટ્ટો શોધવાનો હોય કે પછી કપડાં ધોવાનું મશીન ચાલુ કરવાનું હોય. હા, આ બધામાં એક કામ તો રોજનું નિશ્ચિત હતું જ, અને તે બાળકોને વારતા કહેતાં કહેતાં દૂધ નાસ્તો કરાવવાનું.

સંજીવભાઈના ગયા પછી નંદિતાબેને ઘણાં વખતનાં પેન્ડિંગ કામો એક પછી એક હાથ પર લીધાં.

પોતાનો અને સંજીવનો કબાટ ગોઠવ્યો. ટેબલનાં ડ્રોઅર સાફ કર્યાં. રસોડાની અભેરાઈઓ ગોઠવી. બાળકોના રમકડાંના કબાટો વ્યવસ્થિત કર્યા. છેત બાર વાગે કામ પત્યું. થાક લાગી ગયો એમને. ભૂખ પણ લાગી. રસોડામાં જઈ જમવામાં શું બનાવવું એ વિચારી રહ્યા. મહારાજેય આજે જ રજા પાડી દીધી ! એટલે ગૅસ ચાલુ કરીને પુલાવનું કૂકર મૂકી દીધું. પછી એક ખાખરો ખાઈ ફરી કામે લાગ્યાં. દીકરીએ કુરતીઓને ઑલ્ટર કરવાનું કેટલાય દિવસથી કહી રાખ્યું હતું તે પતાવ્યું.

પછી યાદ આવ્યું કે વહુના દુપટ્ટાઓમાં એમ્બ્રોયડરી વર્ક બાકી છે તે એ પણ પતાવ્યું. કેટલાં બધાં કામો પતાવ્યાં આજે ! બધાં ઘરે હોય છે ત્યારે તો દિવસ ક્યાં જતો રહે છે ખબર જ નથી પડતી. અને કેટલાંય કામો બાકી રહી જાય છે ! આમ જોકે, નોકર છે, મહારાજ પણ છે, પણ અમુક કામો તો જાતે જ કરવા પડે ને ! નોકર પાસે કરાવવા હોય ત્યારે પણ તેની સાથે તો રહેવું પડે ને ! પણ વહુ કે દીકરી પાસે એવાં કામો માટે સમય જ નથી, અથવા તો તેઓની નજરે તેનું કંઈ મહત્ત્વ નથી. હશે, આજે સારો ટાઈમ મળ્યો. બધું પતી ગયું.

બપારે જામીને પલંગમાં આડાં પડ્યાં ત્યારે નંદિતાબેન વિચારી રહ્યાં -

આ પેઢી જિંદગીને જુદી રીતે જ જુએ છે. પોતાને જ્યારે સગાઈ પછી ખબર પડી કે સંજીવને પૂરણપોળી ભાવે છે ત્યારે કેટલી બધી મહેનત કરીને એ બનાવતાં શીખ્યાં હતાં ! અને તે દિવસે વહુને કહ્યું કે દીકરાને બાસુંદી બહુ ભાવે છે, આવતીકાલે તેના જન્મદિવસ પર બનાવીએ ? તો તરત બોલેલી. 'અરે અમ્મા... એટલો બધો સમય રસોડામાં થોડો બગાડવાનો હોય ? કાલે રસોડામાં રજા રાખવાની અને હોટેલમાં જમવાનું !' દીકરો ને દીકરીય આવું જ વિચારે છે ને. બે વર્ષ પહેલાં એના પગનો દુખાવો શરૂ થયો અને રસોઈની જવાબદારી છોડવાની વાત થઈ કે તરત જ સહુએ એક સ્વરે કૂક રાખવાની વાત કરી. એમને તો જરા અજુગતુંય લાગેલું. દીકરી અને વહુ થોડી મદદ કરે તો બધુંય થઈ શકે હાથોહાથ. પણ દીકરાએ કહેલું, 'મોમ, એને પચાસ હજારની નોકરી છે તો પછી પાંચ હજાર

કૂકને આપવામાં શું વાંધો છે...?'

પણ આ ખાલી પૈસાની જ વાત થોડી છે ? એ સ્વાદ, એ મિઠાશ, એ ચીવટ... ઘરનો લોકો જેવી કઈ રીતે આવે ? એમ નંદિતાબેનને લાગેલું, પણ પછી તેણે ઝાઝી દલીલ કરેલી નહીં, જેમ ચાલે તેમ ચાલવા દીધેલું. શરૂઆતમાં એમને ભાવતી નહીં. મહારાજની રસોઈ. પણ કોઈ કંઈ બોલતું નહીં. ક્યારેક એમને નવાઈ પણ લાગતી કે દાળના કે શાકના સ્વાદના નાના અમથા ફેરફારથી પણ સંજીવ ઉશ્કેરાઈ જતો અને 'શાક કાચું છે', 'દાળ ખાટી છે' 'રોટલી જાડી છે' જેવી ટિપ્પણી તરત જ કરી દેતો, તે સંજીવ ચૂપચાપ બધું ખાઈ લે છે ! એ ઘણીવાર નોંધતાં કે સંજીવ રોટલી ઓછી ખાય છે. એ ક્યારેક કહેતાંય ખરા -

'તને ન ફાવતું હોય તો હું કરીશ તારી રોટલી, સંજુ. ત્રણ રોટલી કરતા વાર કેટલી ? પહેલાં તો ચાલીસ ચાલીસ રોટલી નહોતી કરતી ?'

'ના, બિલકુલ નહીં. મને બધું જ ફાવે છે. તું હવે રસોડાનું વળગણ છોડ...! તારા પગ સામે તો જો, આટલું અમથું ચાલતાં જ બેસી પડે છે. તારે હવે કશું જ નથી કરવાનું સમજી !'

ઘડિયાળમાં જોયું. ચાર વાગેલા. એ ઊઠ્યાં અને ચા બનાવી. ધીરે ધીરે કંટાળો આવવા લાગ્યો. સંજુને પણ આજે જ જવાનું થયું ! ખબર નહીં ક્યારે આવશે ? ફોન કરવા મોબાઈલ હાથમાં લીધો તો સંજુનો મેસેજ હતો.

'હેતલ ભાભી આજે બે વાગે ગુજરી ગયા. રણધીરની સાથે કોઈ નથી. હું રોકાઈ જાઉં છું. કાલે સાંજે આવીશ.'

ઓહ...!!!

બિચારા રણધીરભાઈ...!સાવ એકલા થઈ ગયા...! કેટલું અઘરું છે આ ઉંમરે એકલા જીવવું. રણધીરભાઈ તો પાછા સાવ એકલા છે અને એકલવાયા પણ...!

એમનું મન ઉદાસ થઈ ગયું. હેતલબેન છેલ્લે ક્યારે મળેલાં એ યાદ કરવાં લાગ્યાં. એકાદ વર્ષ થઈ ગયું હશે. સંજીવ ગયેલો એ પછી બે-ત્રણવાર. સરસ પ્રેમાળ વ્યક્તિ...! મહિના પહેલાં મારા જન્મદિવસ પર વાત કરેલી. સાવ અચાનક જતાં રહ્યાં જાણે...! પણ બધાંનું એવું જ થતું હોય છે ને...!!

એમણે રિમોટ લઈને ટી.વી. ચાલુ કર્યું. ઘણા દિવસથી ન જોયેલી પોતાની પસંદગીની સિરિયલ જોવા માટે ચેનલ ગોઠવી તો કોઈ ગેમ શો આવતો હતો. થોડીવાર ચેનલો બદલતાં રહ્યાં. પછી કંટાળીને ટી.વી. બંધ કર્યું અને સોફા પર બેસીને આખાય ઘરનું ખાલીપણું આંખોમાં સમાવતાં બેસી રહ્યાં. ખાલી ઘરમાં મૃત્યુના વિચારો જામે કે એન્લાર્જ થઈને એણની આસપાસ ઘુમરાતા લાગ્યા.

બેલ વાગી. પડોશીની સાત વર્ષની દીકરી રિયા હતી. રમવા આવી હતી. 'બાળકો નથી' એણ કહેવાને બદલે નંદિતાબેને એને આગ્રહ કરીને બોલાવી. કબાટમાંથી ગેમ કાઢીને આપી. રસોડામાં જઈ એક નાની ડિશમાં થોડાં ક્રીમવાળાં બિસ્કિટ્સ પણ આપ્યાં. રિયા તરત જ બેસી પડી અને રમવા લાગી. નંદિતાબેન પણ એની સાથે રમવા લાગ્યાં. એમને સારું લાગ્યું અને રિયાને નવાઈ.

રાતે રસોડું પતાવીને નંદિતાબેન પથારીમાં પડયાં. ઊંઘ નહોતી આવતી, વિચારો ઊભરાતા હતા.

લગ્ન પછીના શરૂઆતના દિવસો આર્થિક તકલીફોથી ભરપૂર હતા. સંજીવ ખૂબ મહેનત કરતો. ઑફિસમાં ઑવરટાઈમ કરતો. સાથે સાથે ટાઈપિંગનું કામ પણ કરતો. પોતે પણ સિલાઈનું કામ કરીને નાના મોટા ઘરખર્ચ કાઢી લેતી.

સંજીવને પૂરણપોળી બહુ ભાવે પણ એ વખતે એ બધું ક્યાં પોષાતું ?

એકવાર સંજીવના જન્મદિવસ પર થોડા પૈસા બચાવીને ઘી લાવી હતી. પૂરણપોળી માટે. એ દિવસે છોકરાઓની પળોજણ વિના શાંતિથી કામ થાય માટે સવારે વહેલા ઊઠીને એણે પૂરણપોળી બનાવી રાખી. બપોરે સહુ જમવા બેઠાં ને બારણે ટકોરા પડ્યા. નણંદ અને નણદોઈ હતાં. નંદિતાએ વિવેક કર્યો - ચલો, જમવા...અને બંને બેસી ગયાં !

પછી ફટાફટ જમતાં જમતાં બંને જણાં લગભગ બધી જ પૂરણપોળી ખાલી કરી ગયાં...! હજુ તો બધાંનું જમવાનું ચાલુ હતું ત્યાં જ - 'જલ્દી નીકળવું છે' - કહીને બંને ઊપડ્યાં અને જતાં જતાં કહેતાં ગયાં - 'હવે બનાવો તો થોડી વધારે પૂરણપોળી બનાવજો, અમે તો ભૂખ્યા રહ્યાં...!!'

બહુ ગુસ્સો આવેલો નણંદબા પર એ દિવસે - નંદિતા વિચારી રહી.

જતાં રહ્યાં એ બધા દિવસો... અભાવના... તકલીફોના...!! એમના મસ્તકની આસપાસ ઘૂમરાઈ રહ્યું હતું જાણે. એમનો આખોય ચહેરો અદશ્ય આંસુઓથી લીંપાયેલો હતો. નંદિતાબેનથી જોવાયું નહીં એ દશ્ય. એ તરત નીચું જોઈ ગયાં. પછી એકદમ જ બોલી ઊઠ્યાં –

'અરે... તું ક્યાં મારી વાત લઈને બેઠો અત્યારે...?' અને એ વાત કાપતાં કહ્યું - 'બપોરે કંઈ જમ્યો કે એમ જ નીકળી ગયો ?'

'ના ના... જમવાનો કંઈ મૂડ ન આવ્યો. ચા પીધી બે ત્રણવાર...'

'ઓહો... તો જમી લઈએ ? ભૂખ લાગી હશે તને...'

'હા, ભૂખ તો લાગી છે... મહારાજ

આવે છે ને ?'

'હા હા, આવે છે ને...' નંદિતાબેન રસોડા તરફ જતાં બોલ્યાં.

ટેબલ પર બધાં સર્વિંગ બાઉલ લાવી એ થાળી પીરસવા લાગ્યાં.

સંજીવભાઈની રણધીર વિશેની વાતો ચાલુ હતી. નંદિતાબેન હં... હં... કરતા સાંભળતાં હતાં અને થાળી પીરસી રહ્યાં હતાં. સુગંધથી સંજીવભાઈની ભૂખ પ્રદીપ્ત થઈ રહી હતી. નંદિતાબેને જેવું કેસેરોલનું ઢાંકણું ખોલ્યું કે તરત એ બોલી ઊઠ્યા -

'અરે...! પૂરણપોળી બનાવી...?'

નંદિતાબેને મરક મરક હસતાં હકારમાં માથું હલાવ્યું.

'પણ કેમ ? મને ખબર છે આ તેં જ બનાવી છે, મહારાજે નથી બનાવી.'

'હા, પણ તું ખા તો ખરો, કેવી બની છે એ તો કહે... આ વખતે તો પાંચેક વર્ષે બનાવી હશે, એમ મને લાગે છે.'

નંદિતાબેન એના સ્વાભાવિક અંદાજમાં બોલ્યાં. સંજીવભાઈ એને તાકી રહ્યા. નંદિતાબેને સમજાવટના સ્વરે કહ્યું -

'સંજુ, મને ખબર છે તને મારા હાથની પૂરણપોળી બહુ ભાવે છે. વળી બે દિવસ પછી તારો જન્મદિવસ પણ છે. છોકરાઓ તો સમજશે નહીં પૂરણપોળીમાં. એ લોકો કેક લાવશે ને પિત્ઝા પાર્ટીની ડિમાન્ડ કરશે ને તું બધું માની પણ લેશે એ મને ખબર છે. મને થયું કે હું પણ તને કંઈક ગિફ્ટ આપું આ વખતે. તને ગમે તેવી. એટલે આજે બનાવી. તું મારી ચિંતા ન કરને...! એન્જોય કર, બસ...! ચલ. હેપી બર્થડે...!!' કહેતાં નંદિતાબેને પૂરણપોળીનો ટુકડો કરી ઘીમાં બોળીને સંજીવભાઈના મોં તરફ ધર્યો.

સંજીવભાઈએ ટુકડો ખાધો અને ચૂપ થઈ ગયા. એમની આંખો ભીની થઈ રહી હતી.

એમણે પાણીનો ઘૂંટડો ભર્યો અને સ્વસ્થ થવા મથી રહ્યા.

નંદિતાબેન વાતાવરણને હળવું કરવા બે દિવસ શું શું કર્યું એની વાત કર્યે જતાં'તાં, પણ એમના શબ્દો સંજીવભાઈના કાન સુધી પહોંચે એ પહેલા જ ઓગળી જતા હતા. એ નંદિતાબેનના ચહેરાને જોઈ રહ્યા. એ ગોળમટોળ, ભર્યોભર્યો, સ્નેહાસિક્ત ચહેરો થાળીમાં રહેલી મધુર અને ઘીથી તરબોળ પૂરણપોળી સાથે હરીફાઈ કરી રહ્યો હોય તેવો લાગી રહ્યો હતો.

સંજીવભાઈ આર્દ્ર હૃદયે મનોમન પ્રાર્થી રહ્યા -

'તુમ જીયો હજારો સાલ...!!'

❖❖❖

## અવાજ



છેક અંદરથી ઉઠ્યો અવાજ
ઉતરડી નાખ તને વળગેલી મોટપ ને ખંખેરી નાંખ બધા તાજ.
છેક અંદરથી ઉઠ્યો અવાજ
જીભ ઉપર ગળપણને પહેરી ફરે છે ને એટલે આ કીડીઓના ટોળા
ખુદના પડછાયાને જોતા રહેવામા કયાંક ફાટી પડે ન તારા ડોળા
સાંભળીને સાદ હવે શેરીમાં દોડીને રમતા કાં આવે છે લાજ !
છેક અંદરથી ઉઠ્યો અવાજ
એવું તે કેવું તુ પામી ગયો કે તારે સૌને દેખાડવુ છે ખુલી
ઉઘડી જાવાની ઉતાવળમાં લાગે છે ક્યાંક તુ સુગંધ ગયો ભુલી
ઝડપી લેવાની તારી કાલની આ જિદ્દમાં તો ખોવાતી જાય તારી આજ
છેક અંદરથી ઉઠ્યો અવાજ
દોડવું આ મબલખ ને હાંફવું આ મબલખ ને તડકાઓ પાછા તહેનાતમાં
હોઠેથી ધગધગતા પીને વંટોળ પાછો ઝૂમી રહ્યો છે વાતવાતમાં
પકડીને કાન ઘણું સમજાવ્યુ ભાઇ તારા હાથમાં છે ઝાંઝવાનુ રાજ !
છેક અંદરથી ઉઠ્યો અવાજ

**કૃષ્ણ દવે.**

## શ્રી સી. યુ. શાહની દસમી પુણ્યતિથિ નિમિત્તે
## સી. યુ. શાહ મેડિકલ કોલેજ તથા હોસ્પિટલના પ્રાંગણમાં



સદ્‌ગત પ્રમુખ, ઉદાર દિલ દાતા
શ્રી સી. યુ. શાહ

# પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટુડન્ટ હોસ્ટેલ નો ઉદ્‌ઘાટન સમારોહ



૨૬૦ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટુડન્ટ
માટેની હોસ્ટેલ

તારીખ ૨૯/૦૧/૨૦૨૩ રવિવારના રોજ સી.યુ.શાહ મેડિકલ કોલેજ ખાતે નવનિર્મિત પી. જી. હોસ્ટેલનું ઉદ્‌ઘાટન પરમ પૂજ્ય ભાઈશ્રી નલીનભાઈ કોઠારીના વરદ હસ્તે કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી જગદીશભાઈ મકવાણા, શ્રીમતી વર્ષાબેન દોશી, શ્રી ધનજીભાઈ પટેલ તથા શ્રી વિરેન્દ્રભાઈ આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા. આ તકે સૌરાષ્ટ્ર મેડિકલ સેન્ટરના પ્રમુખ શ્રીમતી મીનળબેન શાહ, ડૉ. જિતેન્દ્ર સંઘવી, શ્રી હેમંતભાઈ શાહ, શ્રી કિરણભાઈ મહેતા, શ્રી નિલેશભાઈ દોશી તથા મેડિકલ કોલેજના ડીન ડૉ. રીનાબેન ગઢવી પણ ઉપસ્થિત હતા.



ઉદ્‌ઘાટન સમારંભ બાદ કૉલેજના ઑડિટોરિયમમાં એક સુંદર કાર્યક્રમનું આયોજન કરાયેલ. કાર્યક્રમની શરૂઆતમાં શ્રીમતી મીનળબેન શાહ દ્વારા સૌને આવકારવામાં આવ્યા હતા અને સી.યુ. શાહ સાહેબની પુણ્યતિથિ નિમિતે તેમના સેવા કાર્યને યાદ કરી અને શ્રદ્ધાંજલિ આપી હતી. આ તકે તેમણે શ્રી સી.યુ. શાહ સાહેબે શરૂ કરેલ આ સેવા યજ્ઞને નિરંતર ચાલુ રાખવાનો નિર્ધાર વ્યક્ત કરેલ.

સંસ્થાના ટ્રસ્ટી શ્રી નિલેશભાઈ દોશીએ સંસ્થાના ક્રમિક વિકાસની માહિતી આપેલ. જેમાં. ટી.બી. હૉસ્પિટલથી શરૂ થયેલ આ યાત્રામાં કઈ રીતે મેડિકલ કૉલેજ તથા સુપર સ્પેશ્યાલિટી હૉસ્પિટલનું નિર્માણ થયુ તે જણાવ્યુ હતું.

ત્યાર બાદ શ્રી રોહિતભાઈ તથા શ્રીમતી મીનળબેનનાં પુત્રવધૂ શ્રીમતી વિધી પારસ શાહે સૌજન્યશીલ દાતાવર્ય એવા શ્રી સી.યુ.શાહ સાહેબના જીવન પર આધારિત કૉફી ટેબલ બુક નો ટુંકમાં પરિચય આપ્યો તથા આ બુકના સર્જન વિશેની વાતો જણાવેલ. પૂજ્ય ભાઈશ્રી નલીનભાઈ કોઠારી અને આમંત્રિત મહાનુભાવો દ્વારા આ કૉફી ટેબલ બુકનું વિમોચન કરવામાં આવેલ.

પૂ. ભાઈશ્રીએ તેમના ઉદ્‌બોધનમાં મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓને અભ્યાસમાં ધ્યાન આપવા ઉપરાંત દર્દીઓની

સારવારમાં સેવાનો ભાવ લાવવાની શીખ આપી હતી.

પરહિતકારી અને બીજાના દુઃખે દુઃખી થનાર એવા મૃદુભાષી, કર્મવીર, દાનવીર અને સમાજ શ્રેષ્ઠી શ્રી સી.યુ. સાહેબે પોતાના પંથકમાં છેવાડાના ગામડામાં વસતા લોકોના સ્વાસ્થ્યની ચિંતા કરી અને આ ચિંતાના વિચારે સી. યુ. શાહ મેડીકલ કોલેજ અને હોસ્પિટલ છેલ્લા ૨૪ વર્ષથી સેવામાં કાર્યરત છે. કોલેજ અને હોસ્પિટલમાં જ્યારે જ્યારે આધુનિક સગવડ કે સુવિધાની જરૂરીયાત ઉદ્ભવી ત્યારે સી.યુ. શાહ સાહેબ દ્વારા અવિરત દાનનો પ્રવાહ સંસ્થાને મળતો રહ્યો. આજ દિને હોસ્પિટલ તેમજ કોલેજમાં આરોગ્ય સંબંધી અને મેડીકલ શિક્ષણ સંબંધી તમામ પ્રકારની સગવડો ઉપલબ્ધ છે.

ઝાલાવાડ પંથકમાં ૬૦ જેટલી શૈક્ષણિક અને આરોગ્યની લગભગ ૬૦ જેટલી સંસ્થાઓ હાલ કાર્યરત છે, તે ઉપરાંત માત્ર ગુજરાત નહી પરંતુ ભારતભરમાં અને સંસ્થાઓમાં ઉદાર હાથે દાનનો પ્રવાહ વહેવડાવી લોકોને મદદરૂપ થવાનો મંત્ર ખરા અર્થમાં શ્રી સી. યુ. શાહ સાહેબે ચરિતાર્થ કરેલ છે.

તા. ૩૧–૧–૨૦૨૩ ના રોજ શ્રી સી.યુ. શાહ યુનિવર્સિટીનો ૯ મો પદવીદાન સમારોહ સંપન્ન થયો. સુરેન્દ્રનગર (ઝાલાવાડ) નું સન્માન અને ગૌરવ ગણાતા સમાજ શ્રેષ્ઠી અને સૌના આદરણીય એવા શ્રી સી. યુ. શાહ સાહેબની ૧૦મી પુણ્યતિથિ ના દિવસે આ કાર્યક્રમ યોજાયો. આ પદવીદાન સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે પદ્મભૂષણ શ્રી એસ. રામદોરાઈ સાહેબ અને મુખ્ય મહેમાન તરીકે નાયજલ પેઈન તથા ડૉ અપૂર્વ શાહ ઉપસ્થિત રહ્યા. તેમની સાથે યુનિવર્સિટીના પ્રેસીડન્ટ ડૉ. જે.જી. સંઘવી તેમજ વર્ધમાન ભારતી ટ્રસ્ટના પ્રમુખ અને યુનિવર્સિટીના પેટ્રોન ઈન ચીફ શ્રીમતી મીનળબેન શાહ, ઉપપ્રમુખ શ્રી રમેશભાઇ વોરા તથા અન્ય ટ્રસ્ટીગણોએ ઉપસ્થિત રહી ડિગ્રી મેળવનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.

કુલ ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ડિગ્રી મેળવી જેમા પી.એચ.ડી થયેલ ૧૬, ગોલ્ડમેડલ મેળવનાર ૪૦ અને




*પદવીદાન સમારોહમાં મીનળબેન અને પદ્મભૂષણ શ્રી એસ. રામાદુરાઈ*

સિલ્વર મેડલ મેળવનાર ૩૪ વિદ્યાર્થીઓને વિશેષ સન્માનિત કરવામાં આવ્યા.


આમંત્રિત મહાનુભાવોએ ઝાલાવાડના પનોતાપુત્ર શ્રી સી. યુ. સાહેબે ઝાલાવાડ પંથકમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે કરેલ સેવાઓ અને વ્યવસ્થાઓને બિરદાવી. તમામ ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓ પોતાના સામાજીક અને વ્યવહારિક જીવનમાં શ્રી સી. યુ. શાહ સાહેબે પોતાની જન્મભુમિ ઝાલાવાડ માટે જે સ્વપ્ન જોયા છે તેને સાર્થક કરવા આજથી જ પોતાનો ગોલ નક્કી કરી તે દિશામાં આગળ વધવા માટે કટિબધ્ધ થવાની પ્રેરણા મહેમાનો દ્વારા આપવામાં આવી.

શ્રીમતી મીનળબેન શાહે પિતાશ્રીના પદ્ચિહ્નો ઉપર ચાલતા તમામ વિદ્યાર્થીઓને સંદેશ આપ્યો કે જીવનમાં ખૂબ સંઘર્ષ આવશે પરંતુ, નિરાશ થયા વિના તમારે આપણી સંસ્કૃતિ, માતા–પિતાના ગુણો, ઝાલાવાડનું ગૌરવ અને સી. યુ. શાહ યુનિવર્સિટી દ્વારા તમને મળેલ જ્ઞાન અને કૌશલ્યના સથવારે ખૂબ આગળ વધો તેમજ આપના કુટુંબ, ગામ, પ્રાત, યુનિવર્સિટી, રાજ્ય અને દેશનું ગૌરવ વધારતા રહો એવી ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**શ્રી સી. યુ. શાહે આજીવન વહાવેલી દાનની સરવાણી ને પુત્રી મીનળબેને અખંડ રાખી છે. પિતાની વિદાય ના આ દસ વર્ષમાં વિવિધ સંસ્થાઓને રુ ૧૦૦ કરોડ નું અનુદાન તેમણે આપ્યું છે. ખૂબ ખૂબ અભિનંદન અનુમોદના.**

# અગત્યના કામ દરમિયાન આઘાતજનક સમાચાર મળે ત્યારે...

## સરદાર વલ્લભભાઈ પટેલના જીવનનો એક કિસ્સો



૧૯૦૮માં સરદાર વલ્લભભાઈ પટેલના પત્ની ઝવેરબેનની તબિયત બગડી. તેમને આંતરડાની તકલીફ થઈ હતી. આંતરડાની બીમારીને કારણે તેમની શારીરિક સ્થિતિ બહુ ખરાબ થઈ ગઈ એટલે વલ્લભભાઈના ભાઈ વિઠ્ઠલભાઈ તેમને સારવાર માટે મુંબઈ લઈ ગયા. એ સમયમાં વિઠ્ઠલભાઈ મુંબઈમાં રહીને વકીલાત કરતા હતા અને વલ્લભભાઈએ ચરોતરમાં જ રહેવાનું પસંદ કર્યું હતું.

ઝવેરબેનની સાથે વલ્લભભાઈ પણ મુંબઈ ગયા. તબીબી નિદાન પછી ડૉક્ટરે કહ્યું કે, ઝવેરબેનનું ઑપરેશન કરવું પડશે. જો કે ડૉક્ટરે તાબડતોબ ઑપરેશન કરવાની ના પાડી. તેણે કહ્યું કે, દર્દીની તબિયત થોડી સુધરે એ પછી ઑપરેશન કરી શકાય અને એ માટે પંદરેક દિવસ લાગી જશે.

એ વખતે વલ્લભભાઈનું નામ વકીલ તરીકે બહુ જાણીતું થઈ ચૂક્યું હતું અને તેમની પાસે અનેક અસીલોના કેસ હતા. એમાંય એક પ્રતિષ્ઠિત માણસ સામે ખૂનનો કેસ ચાલતો હતો અને તેણે તેના વકીલ તરીકે વલ્લભભાઈને રોક્યા હતા.

ઝવેરબેનનું ઑપરેશન પદંર દિવસ પછી કરી શકાશે એવું ડૉક્ટરે કહ્યું એટલે સરદારે આણંદ જવાનું નક્કી કરવું પડ્યું. તેમણે વિઠ્ઠલભાઈને કહ્યું કે ઑપરેશનનો દિવસ નક્કી થાય એટલે મને બોલાવજો.

સરદાર આણંદ ગયા અને પાછળથી ઝવેરબેનની સ્થિતિ વધુ કથળી એટલે ડૉક્ટરે ઑપરેશન વહેલું કરી નાખવાનો નિર્ણય કર્યો. ઑપરેશન થઈ ગયું અને સરદારને તાર પણ મોકલી દેવાયો કે, 'ઑપરેશન સફળ થયું છે.'

પણ બીજે દિવસે જ ઝવેરબેનની તબિયત બગડી અને તેઓ મૃત્યુ પામ્યાં. તેમને મુંબઈથી તાર મોકલાયો કે ઝવેરબેન ગુજરી ગયાં છે. સરદાર કોર્ટમાં પેલા ખૂનના આરોપી એવા પ્રતિષ્ઠિત માણસ માટે દલીલો કરી રહ્યા હતા ત્યારે તેમને એ તાર મળ્યો. સરદાર એ વખતે એ ખૂન કેસના એક મહત્ત્વના સાક્ષીની ઊલટતપાસ કરી રહ્યા હતા અને એ ઊલટતપાસ એજ દિવસે કાળજીપૂર્વક પૂરી ના થાય તો તેમના અસીલને ફાંસીની સજા થઈ શકે એમ હતી.

આવી સ્થિતિમાં પત્નીના મૃત્યુનો તાર મળ્યો એમ છતાં તેમણે ઉપરથી સ્વસ્થતા રાખીને કોર્ટમાં પોતાનું કામ પૂરું કર્યું.

સાંજે કોર્ટની કાર્યવાહી પૂરી થઈ ત્યારે સરદારે તારની વાત જાહેર કરી.

પત્નીની છેલ્લી ક્ષણો વખતે પોતે તેમની સાથે નહોતા એનો આઘાત તેમને લાગ્યો હતો, પણ પત્નીના મૃત્યુના આઘાતને કારણે તેમણે પોતે સ્વીકારેલી ફરજમાંથી હાથ ઊંચા નહોતા કર્યા.

❖❖❖

### બહાર ધગધગતો તાપ, અંદર અનુપમ શીતળતા

ઠંડક માટે ચન્દનના વૃક્ષને વી'ટળાઈને રહેલો સર્પ મોંમાં રહેલું ઝેર શીતળ ન થઈ જાય એટલે પોતાનું ડોકું હવામાં રાખે છે; એમ આપણે પણ આપણું મન અને ઈન્દ્રિયો જગત ભણી રાખીએ છીએ, જેથી માયા પ્રત્યેની આસક્તિ સલામત અથવા અકબંધ રહે. સંતો કહે છે : બહાર સહરાનું રણ ધગધગે છે; અંદર હિમાલયની પરમ અને અનુપમ શીતળતા છે, કૈલાસ છે, ત્યાં કલ્યાણકારી શિવ બિરાજે છે; બ્રહ્માંડનું ઐશ્વર્ય પિંડમાં ઘનીભૂત થઈને રહેલું છે. માટે કરવટ બદલો; મુખ ફેરવો; બાહ્ય વિજયનો મોહ છોડી દો. શાંત થઈ જાવ. પંચ તત્ત્વની આ જબરી રમત છે. આપણને ભ્રમ છે કે આપણે કર્તા છીએ. પંચતત્ત્વને રમાડનાર પરમ શક્તિ છે, પરમાત્મા છે. લાંબી પીંજણમાં પડવાની જરૂર નથી. સમજ્યા પછી જે ચાલવા માંડે છે તે મૂળ મુકામે પહોંચી જાય છે; જે ગણતરી કરવા રહે છે, લેખાં-જોખાંની આંટીઘૂંટીએ ચડે છે, અહં કારની ઓથ લે છે કે રાગ-દ્વેષ આદિ દ્વન્દ્વો સાથે સંબંધ જોડે છે અથવા આસક્તિના ખોળામાં આરામ કરવાનું પસંદ કરે છે તે અહીંનો રહેવાસી બની જાય છે.

# વિશ્વાસઘાત



**આશા વીરેન્દ્ર**

લગ્નજીવનના છ-છ વર્ષો સુધી રાહ જોવડાવ્યા પછી જ્યારે પુત્રીરત્નની પ્રાપ્તિ થઈ ત્યારે અમે બંને ખુશીથી છલકાઈ ઊઠ્યાં હતાં. દિપ્તીએ તો હૉસ્પિટલમાં જ કહી દીધું હતું, 'મેં દીકરીનું નામ લોરી રાખવાનું નક્કી કરી દીધું છે. એને સૂવડાવતી વખતે હું રોજ નવી નવી લોરી ગાવાની છું.'

'તું એકલી શા માટે? આપણે બંને ડ્યૂએટમાં લોરી ગાઈશું.' 'ત્યારે તો થઈ રહ્યું દીકરી સૂવાને બદલે રડવા ન માંડે તો સારું.' દિપ્તીએ હસતાં હસતાં કહેલું. લોરી જરાક સમજણી થઈ ત્યારથી એક પણ દિવસ એવો નહોતો ગયો કે, હું એને માટે બે ચોકલેટ ન લાવ્યો હોઉં. ઑફિસેથી આવું એટલે એ મને વળગી પડે અને ચોકલેટ પોતાના હાથમાં લઈને કહે, 'આ એક મારા પપ્પાની અને બીજી મારી મમ્મી તરફથી.'

એ જેમ જેમ મોટી થતી ગઈ એમ અમારી એને માટેની અપેક્ષાઓ પણ વધવા લાગી. ટીવી પર કોઈ નૃત્યનો કાર્યક્રમ જોતા હોઈએ તો સૌથી સારી ડાન્સરમાં, સંગીતનો કાર્યક્રમ હોય તો ઉત્તમ ગાયિકામાં. સ્વીમિંગમાં, સ્કેટીંગમાં, ભણવામાં, બધે સર્વોત્તમ સ્થાન પર લોરી જ હોય એવી સોનેરી કલ્પનામાં રાચવાની અમને આદત પડવા લાગી. એની મરજી-નામરજી જાણ્યા વિના એને નવા નવા ક્લાસીસમાં ધકેલતા રહ્યાં.

'મને લાગે છે કે, આપણા નાના ગામની સ્કૂલમાં કંઈ ખાસ દમ નથી. વળી શાકવાળા કે રિક્ષાવાળાનાં છોકરાંઓ પણ આ જ સ્કૂલમાં ભણતા હોય તો એમની સોબતમાં લોરી કેવું બોલતા-ચાલતા શીખવાની?' એક દિવસ દિપ્તીએ કહ્યું, 'તારી વાત તો બરાબર છે, પણ એનો ઉપાય શું?'

'ઉપાય છે, માટે જ તો કહું છું. પટનાની 'કિડ્સ પાર્ક' સ્કૂલ 'એ' ગ્રેડની સ્કૂલ છે. એમાં જો લોરીને એડમિશન મળી જાય તો કામ થઈ જાય.' 'એટલે?' હું ચોંકી ઊઠ્યો. 'એને હોસ્ટેલમાં રાખવાની? આપણી નાનકડી ઢીંગલીને આપણાથી દૂર રાખવાની? તું કેવી વાત કરે છે?' 'હું તો એની મા છું. મને કંઈ શોખ થતો હશે? પણ એના ભવિષ્ય માટે દિલ પર પથ્થર પણ મૂકવો પડે. અહીં રહેશે તો એની હાલત કૂવામાંના દેડકા જેવી થશે.'

વધુ વિચાર કરતાં મને ય દિપ્તીની વાતમાં તથ્ય લાગ્યું. પછી તો અમારું લોરીને સમજાવવાનું અભિયાન ચાલ્યું. 'જો બેટા, ત્યાં સરસ નવી નવી બહેનપણીઓ મળશે.' 'પણમારે નવી બહેનપણીઓની જરૂર જ નથી. મારી બહેનપણીઓ ટીના, પ્રિયંકા, મેઘના બધી મને બહુ ગમે છે.' લોરીએ દલીલ કરી. 'ત્યાંનો યૂનિફોર્મ એટલો સરસ છે કે તું એકદમ સ્માર્ટ લાગીશ. લાલ રંગનું સ્કર્ટ, સફેદ બ્લાઉઝ અને સાથે લાલ ટાઈ પણ!'

'મને અહીંયાનું બધું જ ગમે છે. મારે તમને છોડીને ક્યાંય નથી જવું.' લોરીને અમે જાતજાતનાં પ્રલોભનો આપતાં તો દિવસના સમયે એ જેમતેમ કરતાં સ્કૂલનાં જવાની તૈયારી તાવતી પણ રાત પડતાં અમારા બંનેની સોડમાં ભરાઈને રડવા લાગતી. અને માંડમાંડ મક્કમ કરેલાં અમારાં મનને ય ઢીલાં પાડી નાખતી.

અંતે એક દિવસ, 'ચાલો ને, જઈને જોઈએ તો ખરાં!' કરીને અમે ત્રણે પટના પહોંચ્યા. આહા! શું ત્યાંનું વાતાવરણ ને શું શિસ્ત! આટલાં બધાં બાળકો, પણ ક્યાંય કોઈ અવાજ નહીં. ઘોંઘાટ નહીં. કોઈ જોરથી હસે નહીં કે બોલે નહીં. અહીં એડમિશન મળે તો લોરી માટે અમે સેવેલાં બધાં સપનાં સાકાર થાય.

મુખ્ય વ્યવસ્થાપકને હાથે-પગે લાગીને, અમારી ધારણા કરતા દસ ગણી રકમ આપવાની કબૂલાત પછી એમણે એડમિશન આપવાની હા પાડી ત્યારે અમે ધન્ય ધન્ય થઈ ગયા. 'પણ સર! અત્યારે ને અત્યારે મારી પાસે એટલી રકમ નથી એટલે...'

'કશો વાંધો નહીં. જેટલા પૈસા હોય એટલા ડિપોઝીટ કરાવી દો. તમારી દીકરીને આજથી જ અહીં મૂકી દો. આવતે અઠવાડિયે એને મળવા આવો ત્યારે બાકીના પૈસા ભરી દેશો તો ચાલશે. નો પ્રોબ્લેમ.'

પણ અમારે માટે તો પ્રોબ્લેમ હતો. 'સર અમે આજે ને આજે એને મૂકી જવાની ગણતરીએ નથી આવ્યાં. એ પણ એવી રીતે તૈયાર નહીં થાય.'

'જુ ઓ મિસ્ટર, એમ ઈમોશનલ થયા કરશો તો તમારી ગાડી છૂટી જશે.' એમણે લોરી જેવડી બે-ચાર છોકરીઓને બોલાવીને એમની સાથે લોરીને સ્કૂલ જોવા મોકલી ને અમને ત્યાંથી નીકળી જવાનો ઈશારો કર્યો. પાછાં વળતાં મારી ને દિપ્તીની આંખી

એકધારી વરસી રહી હતી. કોઈ અપહરણકર્તાના હાથમાં અમારી મહામૂલી મૂડીને બાન તરીકે આપી આવ્યાં હોઈએ એવું લાગતું હતું.

'એ પાછી આવીને આપણને નહીં જુએ તો... મને લાગે છે કે, આપણાથી થોડી ઉતાવળ થઈ ગઈ.'

'હા, મારું મન પણ કહે છે કે, આપણે આપણી દીકરીનો વિશ્વાસઘાત કર્યો. પણ હવે શું થાય ?' મન પર અસહ્ય બોજ લઈને અમે પાછાં ફર્યાં. જોકે, લોરી વગરનું એ ઘર ઘર જ નહોતું. આખી રાત હું અને દિપ્તી લોરીને યાદ કરીને અને અમારા વિના એણે રાત કેવી રીતે વિતાવી હશે એનો વિચાર કરીને પડખા ફેરવતાં રહ્યાં.

મેં સવારે ઊઠતાની સાથે કહ્યું, 'જલદી ચા બનાવી આપ. મારે એક અરજન્ટ કામ માટે જવાનું છે.' 'પણ લોરી...' દિપ્તી કંઈ બોલે એ પહેલાં મેં કહ્યું, 'મને અત્યારે કંઈ સાંભળવાનો ટાઈમ નથી.'

અમારા ગામથી પચીસેક કિ.મી. દૂર આવેલા પટના જવા મેં ગાડી મારી મૂકી. મને જોયો કે, લોરી હિબકાં ભરતી, દોડતી આવીને પાપા, પાપા કરતી વળગી પડી. એક રાતમાં મારી આ માસુમ કળીની જે હાલત થઈ હતી એ જોઈ મેં મારી જાત પર ફિટકાર વરસાવ્યો. લોરીને મેં તેડી લીધી ને કહ્યું, 'આય એમ સોરી બેટા, મને ને મમ્મીને એમ જ ખ્યાલ રહી ગયો કે, તું ગાડીમાં પાછળ બેઠી છે અમે તને ભૂલી ગયાં'તાં. તું અમને માફ કરીશ બેટા ?

લોરી ભલે હળવેથી હસીને ગાડીમાં બેઠી પણ મને એની આંખોમાં મારી વાત પ્રત્યેનો અવિશ્વાસ દેખાતો હતો. મને થયું, કેવી ઘેલછામાં અમે દીકરીનો વિશ્વાસ ગુમાવ્યો ! અમે એને બહેતર ભવિષ્ય માટે અહીં મૂકી ગયાં હતાં કે બદતર વર્તમાન માટે ?

ગાડી સ્ટાર્ટ કરતાં પહેલાં મેં એની સામે બે ચોકલેટ ધરી પણ એણે કહ્યું, 'ના પપ્પા, હવે મને ચોકલેટ નથી ભાવતી. હવે મારે માટે નહીં લાવતા.'

મારા હાથમાંથી ચોકલેટ સરકીને નીચે પડી.

❖❖❖

# લાગણી

સાંજે સાત વાગ્યે એ ફ્લોરમિલ બંધ કરતો, પણ હું ત્યાં જતી તો એનો એ નિયમ મારા માટે નહોતો... દળણું દળીને મારી પાસેથી રૂપિયા પણ ન લેતો, મને એકીટશે જોયા કરતો, સામેથી કેડબરી આપતો. આવું શા માટે કરતો હશે ? ઘંટીમાં અનાજ દબાઈને જાણે એની લાગણી પણ લોટ બની જતી ! બે-ત્રણ અઠવાડિયાં પસાર થયાં હું નિત્યક્રમ પ્રમાણે ત્યાં જતી પણ જ્યારે જાઉં ત્યારે તાળું ! શું થયું હશે ? 'બીમાર તો નહીં હોય ને ? મારા વિચારોએ ડેરો જમાવ્યો. મારા પગે એના ઘર તરફ પ્રયાણ કર્યું.



એ દરવાજા પર હતો. મને જોઈને, બેબાળકા બનીને, ''જોઈને છે ને તારા જેવી જ' એ જ ભૂરી આંખો, એ જ...' ડૉક્ટરોનું કહેવું છે ઈ કોમામાં છે, છેલ્લાં સાડા ત્રણ વર્ષથી આ ખાટલા પર સૂતી છે, હું કંઈ પણ બોલું તો મારા શબ્દો એના કાન સુધી પહોંચતા નથી, ચૉકલેટ આપું છું તો લેતી નથી.'' મેં જોયું તો માત્ર ચૉકલેટનો ઢગલો ત્યાં આગળ પડ્યો હતો પણ ખાટલો ખાલી હતો હજુ કાંઈ વિચારું એ પહેલાં ટેબલ પરથી ઊડીને એક કાગળ મારા પગમાં પડ્યો પણ આ શું ? એને વાંચતાં એ કોઈનું ડેથ સર્ટિફિકેટ નીકળ્યું. હું એ વાત બરાબર સમજી ગઈ કે એની મારા પ્રત્યેની લાગણી અને દીવાલ પર ટીંગાડેલી એની દીકરીની તસવીર એ મારી આબેહૂબ પ્રતિકૃતિ હતી.

– રસેશ રાવલ

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશાં સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ

છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- ચંદ્રમણિબેન નવીનચંદ્ર મણિયાર તેમના ૮૮માં જન્મદિવસ નિમિત્તે (હાલ - સાંતાક્રુઝ)
- શ્રી મહેન્દ્રભાઈ હિંમતલાલ દોશી તરફથી વઢવાણ સિટી નિવાસી (હાલ - વિલેપારલા)
- પાણીસણા નિવાસી (હાલ - વિલેપારલે (ઈસ્ટ) શ્રી ન્યાલચંદભાઈ નાગરદાસ શાહની માસિક પુણ્યતિથિ નિમિતે હસ્તે સુધાબેન (શારદાબેન) ન્યાલચંદભાઈ શાહ પરિવાર
- ધાંગધ્રા નિવાસી (હાલ - ઘાટકોપર) ચિ. કિંજલ ઋષભ શાહની ૬ઠ્ઠી લગ્નતિથિ નિમિત્તે (૨૪-૧-૨૦૨૩) હસ્તે નેહાબેન નલીનભાઈ શાહ
- બૃહદમુંબઈ ઝાલાવાડી મહિલામંડળે ૨૭મી જાન્યુઆરી સિગલ રિસૉર્ટ - વિરાર ખાતે પિકનીક કરેલ તે પ્રસંગ આનંદથી ઉજવ્યો તેની યાદ રૂપે

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt પ્રદીપભાઈને મોકલવા વિનંતી.**

લોનાવલા : મિલનભાઈ
**9860125136**
પંચગીની : નિરવભાઈ
**9819012468**

માથેરાન તથા સંસ્થાના અન્ય કામ માટે સભાના મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયાનો સંપર્ક કરવો. **9867748120**

પત્રિકા જાહેરખબર
દેવલાલી : આશાબેન
**9819956529**

સુરેન્દ્રનગર અતિથિ ભવન
સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ
**9099350644 / 9426756100**
મુંબઈ - મિલનભાઈ તુરખિયા
**9860125136 / 7208472884**

**તા. ૪-૧-૨૦૨૧થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

# 7208472884 • 7208481791 • 7208472744

**ઝાલાવાડી સભાના સભ્યોને વિનંતી કે જેમના વડીલ અવસાન પામ્યા હોય તેમની માહિતી ઓફિસમાં જણાવવી. ઘરના અન્ય વ્યક્તિએ નવું સભ્યપદ લેવાનું રહેશે. આપણા સ્થાનિક પ્રતિનિધિઓ પાસે માહિતી હોય તો ઓફિસમાં જણાવી તેમના ઘરના અન્ય વ્યક્તિને નવા મેમ્બર બનવા માટે જણાવવા વિનંતી.**

**મુંબઈ ઑફિસ**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM ● Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

# 7208472884 • 7208481791 • 7208472744



# ભાભી

■ ધૂમકેતુ

મોટા ભાઈ પરણ્યા હતા બહુ નાના હતા ત્યારે, (મને) કાંઈક એવું સ્મરણ જે કે આ ભાભી છે આવ્યાં હતાં – મોંઘીભાભી – એમનામાં ગજબનું વાત્સલ્ય હતું. અને લગભગ રાજવંશી કહેવાય એવું રૂપ હતું. એ જે સ્થાનેથી આવ્યાં હતાં – ચારણની પીપળી – ત્યાં એના બાપ કામદાર હતા. ચારણની ભાષામાં જે લાડભરેલી મીઠાશ હોય છે એ લાડભરેલી મીઠાશનો વારસો ભાભીને મળ્યો હતો. એનામાં હૈયા ઉકલત એવી હતી કે થોડા જ સમયમાં એણે ઘરનાં સઘળાંને પોતાનાં બનાવી દીધાં અને પોતે ઘરનાં બની ગયાં. એની કાયા મજબૂત, કસાયેલી અને શ્રમને સહન કરનારી હતી. મોટી, નિર્મળ, પ્રેમભરી આંખો, સીધું ઘાટીલું, અણિશુદ્ધ નાક, ચંપકવર્ણો – ખરેખરા અર્થમાં ચંપકવર્ણો એવો દેહ, અને સપ્રમાણ ઊંચાઈ. ભાભીની સાથે મીનલવાવે પાણી ભરવા જવાનો એક નવો આનંદ મને મળી ગયો.

ભાભી આવવાથી ઘરમાં મારા પિતાને પણ ધરપત થઈ હતી. અત્યાર સુધી એ બહારગામ જાય પણ જીવ ઘરમાં રહેતો. રાતે કોઈએ ખાતર તો નથી દીધું કે ? એની ચિંતા હંમેશાં રહેતી. મોંઘીભાભી આવ્યા, એની આવડત એમણે જોઈ, એની હિમ્મત દિઠી અને એમને હૃદયે જાણે ભારે નિરાંત થઈ ગઈ. પોતે નહીં હોય તોપણ આ વહુ કોઈનાથી ગાંજી જાય તેવી નથી.

પણ જ્યારે મોંઘીભાભી આવા સમર્થ હતાં, ત્યારે મોટા ભાઈ રામજીભાઈ એવા જ નિર્મળ હતા ! એ હજી નાના હતા. આ નારીનો પરિમલ જાણવાની એમનામાં શક્તિ ન હતી. આ મધ્યયુગી કંડારેથી આરસસમી સ્ત્રીમાં કેટલી અજબ જેવી શ્રદ્ધા છે એનું કોઈને જ્ઞાન નહોતું.

ભાભીની ઈચ્છાશક્તિનો એક પ્રસંગ મેં અનુભવ્યો હાતે. વર્ષો પછી ભાભી ઘરમાં જતાંઆવતાં થયાં. ત્યારે એક વખતે અમે ભાડવા ગયેલાં. કોટડાસાંગણી પાસેનું આ નાનકડું ગામડું. હમણાં તો મોટા-નાનાં રાજ્યોના ભેળંભેળા વખતે એના દરબાર ચંદ્રસિંહજીને લીધે પ્રસિદ્ધિ પામ્યું છે. પણ તે વખતે તો ભાડવાનો કોઈને કાંઈ હિસાબ નહોતો. રાજ મૅનેજમેન્ટ હતું. સ્કૂલ ઉપર એજન્સીની દેખરેખ રહેતી. રામજીભાઈ ત્યાં માસ્તર હતા.

ભાડવાથી સવારે નીકળેલાં અમે, વીરપુર આવી રહ્યાં હતાં. ગોંડલ છોડ્યા પછી ધોમ તડકા તપવા માંડ્યા. વૈશાખ મહિનો હતો. સીમમાં આગ ઝરતી હતી. નપાણિયો એક લાંબા ગાળામાં કોઈ કોઈ મુસાફર પાણી વિના તરફડીને મર્યાના કિસ્સા પણ બનતા હતા. હજી ત્યાં પરબ બેસાડવાનું કોઈને સૂઝ્યું ન હતું. આસપાસ ક્યાંય વાવકૂવાનું ઠેકાણું નહોતું. આ ગાળો ઉનાળામાં ભયંકર ગણાતો. આ ગાળામાં અમે, ભાભી ને દિયર, ચાલી રહ્યાં હતાં.

સીમમાં નજર કરો તો સીમ આખી ઉજ્જડ વેરાન સમી પડી હતી. કોઈ ક્યાંય દેખાતું ન હતું. કોઈ ઠેકાણે એક ઝાડનું પણ નામનિશાન આવતું ન હતું, એકલી આગ પ્રજ્વલી હતી.

એ વખતે એ ગાળામાં અધવેચાળે, અતિશય તૃષાને લીધે મારું ગળું સુકાવા માંડ્યું. પાણીની ઝંખના થઈ આવી, મોં ઝાંખું પડી ગયું. હોઠ ઉપરથી અમી ઊડી ગયું. 'પાણી ! પાણી ! પાણી' એમ મન મોટેથી મનમાં પોકારવા માંડ્યું.

ભાભી એ કળી ગયાં.ભણ્યાં તો એક અક્ષર પણ નહોતાં, પણ ગણ્યાં એટલું બધું હતાં, કે એક વાક્ય અત્યારે બોલવું એ શક્તિ ગુમાવવા જેવું છે એ સમજી ગયાં. એટલે મનમાં ગાંઠ વાળીને, પોતાની ચાલનો શાંત રીતે વેગ વધારી દીધો, ને મને ઝડપી ચાલે રસ્તો કાપી નાખવાની આશા આપી સાથે ઉપાડ્યો !

અમે સપાટાભેર લગભગ દોડવા માંડ્યાં. પણ જેમ જેમ વેગ વધારતાં ગયાં તેમ તેમ 'પાણી, પાણી અને પાણી'નો આર્તનાદ પણ મારા મનમાંથી વધારે ને વધારે મોટો અવાજ કરતો ઊઠવા માંડ્યો. પાણી નહીં મળે એ ભયથી પગ બળહીન થતા જણાયા.

ઘડી બે ઘડીમાં તો ટાંટિયામાંથી ચાલવાનું સામર્થ્ય જાશે કે શું એવું લાગવા માંડ્યું.

છેટે એક કૂવો દેખાતો હતો. ભાભીએ લગભગ દોટ મૂકી એ કૂવા તરફ, અને ત્યાં પહોંચી પણ ગયાં. હું તો પાછળ ઢસડાતો હતો. મારે માટે જીવનમરણ જેવો પાણીનો પ્રશ્ન હતો.

હું કૂવા પાસે આવ્યો. ભાભી થાળા ઉપર બેઠાં હતાં પણ એની આંખમાંથી તો બોર બોર જેવડો આંસુ પડી રહ્યાં હતાં. હું પહોંચ્યો - ન પહોંચ્યો, ને એણે મને વાત્સલ્યથી તેડી લીધો - 'મણિભાઈ !' ચાલો, ભાયલા, હમણાં પાણી આવ્યું દેખાડું !'

હું તો એની આ અચાનક ચાલથી અકળાઈ ઊઠ્યો. પગ પછાડવા માંડ્યો. જાત ઉપર ગયો - 'અરે! વીરા! હમણાં - હમણાં - આ આવ્યું - જુઓ, ત્યાં કૂવો દેખાય!'

ભાભીએ તો કૂવા પાસે પણ મને જવા ન દીધો. મને તેડીને આગળ જ વધવા માંડ્યાં. જેણે ત્રણ ત્રણ મણ ઘાસની ભારી માથે ઉપાડી હતી, એને આ મારો ભાર શા હિસાબમાં હતો? પણ ભાભી પોતે થાક્યાં હતાં. ઓછામાં ઓછી સત્તરઅઢાર માઈલની આ ભર તડકાની મુસાફરી થઈ ચૂકી હતી. એના પોતાના હોઠ પણ સુકાતા હતા; છતાં એ તો મને તેડી લઈને આગળ વધવા માંડ્યાં.

પણ ભાભીએ આ કૂવાનું પાણી જાણીજોઈને છોડી દીધું – સાડલો પહોંચતો કરીને કે પછી સાડલો, મારું ધોતિયું, પહેરણ, સઘળાંને બાંધીને, પાણીમાં ભીંજાવીને પણ પાણી મેળવી લેવાત એ પામી જાવા દીધું! પાણી! પાણી! મારા મનમાં એ વખતે પાણી એટલે શું એની જાણે ખબર જ ન હોય, તેમ એ બાઈ તો ગાંડાની માફક સીધી સડકે દોડવા માંડી! મારું મન ખિન્ન થઈ ગયું. પાણી જાણીજોઈને ખોયું. હવે નહીં મળે એ ખાતરી થઈ ગઈ. બળ રહ્યું નહોતું. હું તો હતાશ થઈ ગયો. એટલામાં થોડે આઘે બીજો કૂવો દેખાયો. અને ત્યાં કોઈક માણસ પણ ફરકતું લાગ્યું - પાણી ભરતું હોય તેવું, ભાભીમાં હિમ્મત આવી ગઈ.

તેણે ઉતાવળે રસ્તો કાપવા માંડ્યો. 'મણિભાઈ! જુઓ, ત્યાં પાણી રહ્યું - એ કૂવો દેખાય!'

એ કૂવા પાસે પહોંચ્યાં ત્યાં તો એક માણસ પાણી ખેંચી રહ્યો હતો. અધીરાઈની હદ ન હતી. આનંદનો પાર ન હતો. મેં ધરાઈને પાણી પીધું. શાંતિ થઈ ગઈ. ભાભીને પણ તરસ તો બહુ હતી, પણ એણે દઢ મનોબળથી માથું ધુણાવ્યું.

'મારે નથી પીવું!'

'કેમ?'

કાંઈ બોલ્યાં નહીં. પણ પેલા માણસની આભડછેટ જાણે એમને મૂંઝવી રહી હોય એમ લાગ્યું. મેં તો જાતભાત પૂછ્યા વિના જ પાણી પીધું હતું. ભાભીએ ના પાડી, એટલે મને તક મળી ગઈ.

'તો પછી ભાભી! ત્યાં પિવાત નહીં? ઓલ્યે કૂવે – સાડલો પાઘડી પહોંચી જાત નહીં?' પેલા કૂવાનું પાણી જાણીજોઈને આણે ખોયું એ મૂરખાઈ ઉપરની તીખાશ મેં ઠાલવી.

'ભાઈ! હાલો હવે, પહોંચી જાશું.' ભાભી બોલ્યાં, 'મારી ફકર નહીં, મને પાણાય ન પડે!'

'ત્યારે ઓલે કૂવે તેં પી લીધું હોત તો? એટલી બધી ચોખલી...' ભાભીએ પેલો કૂવો છોડી દીધો એનો રોષ હજી પણ શમતો ન હતો. પાણી પીધા છતાં પાણીની વ્યથાનો અનુભવ મને પીડી રહ્યો હતો.

ભાભીએ શાંતિથી કહ્યું : 'ભાઈ, મણિભાઈ! એ વખતે તમને કહ્યું હોત તો તમે ચક્કર ખાઈને નીચે પડી ગયા હોત. એ કૂવામાં ત્યાં કાંકરા ઊડતા'તા!'

'હેં!' આશ્ચર્યમાં એક ક્ષણ તો સ્થિર થઈ ગયો. આ સમાચાર ભાભીએ પેલે કૂવે આપ્યા હોત તો જે માથે વીતત એના ભાને સ્તબ્ધ જ થઈ ગયો!

'પણ ત્યારે હવે તમે આંહી પાણી પીલ્યો, હવે ભાભી! આપણે પછી ચાલીએ' મેં કહ્યું.

ભાભીના હોઠ હજી સુકાતા હતા, ચહેરો ફિક્કો પડતો જતો હતો. પણ એણે પોતાનું રૂપાળું સ્મિત કર્યુંઃ 'મારે તો ભાઈ! માનકેશ્વર મંદિરે નાળિયેર વધેર્યા પછી પાણી પીવાનું છે; હાલો, હવે આપણે, લ્યો.'

આવી આ અદ્ભુત નારીની છાયાની મને જે મોહિની લાગી એને લીધે ધીમે ધીમે પાછો નિશાળ તરફનો પંથ લીધો હોય એમ જણાય છે.

આજે એની કડીબંધ રચના આપવી એ તો અશક્ય છે. પણ થોડાં ઘણાં સાધનો મારી પાસે પડ્યાં છે, તેમાંથી કેટલોક ઈતિહાસ મળી શકે તેમ છે.

આ ભાભીમાં આટલી બધી મીઠાશ અને વાત્સલ્ય વસી રહ્યાં હતાં, એટલે જેમ ઘરનાં સૌને આગે પોતાનાં બનાવી દીધાં તેમ મને પણ એણે પોતાનો દોસ્ત કરી લીધો.

ભણ્યાં તો એ કાંઈ ન હતાં. એક આંકડોપણ નહીં. જે પહેલી ચોપડી મેં એમને ભણાવવાની શરૂ કરી એ પહેલી ચોપડી આજ પણ મારી પાસે પડી છે.

રામજીભાઈ ભાગ્યાની વાતની જ્યારે ભાભીને વાતવાતમાં વહેલેમોડે ખબર પડી ત્યારે એમના મનમાં શું થયું એ વાતની તો કંઈ જાણ મળે એમ નથી. પણ એક દિવસ એમણે મને અચાનક જ કહ્યું : 'મણિભાઈ! તમે મને ભણાવો! મારે તમારી પેઠે વાંચતાં શીખવું છે.'

ઝાંખા દીવામાં ભાભીનું રૂપાળું મોં શોભી રહ્યું હતું. એમની આંખમાં આંસુ હતાં. જરાક જ શ્યામ કજ્જલ કાળી આંખની રેખા એનાથી વધારે શોભી રહી હતી.

મેં તરત જ સંકલ્પ કરી લીધો. ભાભીને ભણાવવાનું મારે માથે. એ ભણાવનારો ગુરુ હું બન્યો. એટલે આવી ડાહી મોટી શિષ્યાના ગુરુ લેખે પણ મને વિદ્યાનો રંગ લાગવા માંડ્યો. નિશાળે ન જવામાં શરમ દેખાવા માંડી. ભાભીને ભણાવતાં ને તેની પાસે વાતો વાંચતાં હું પણ ભેગા ભેગા ભણવાના તાનમાં પાછો જવા લાગ્યો.

❖❖❖

# ઋણ

**આ**કાશે ઘેર આવીને પલંગ ઉપર પડતું નાખ્યું. આ કેવું ધર્મસંકટ આવી ચડ્યું હતું ? આવી વિટંબણા તો એણે જિંદગીમાં ક્યારેય અનુભવી ન હતી. શું કરવું ? એક તરફ મા હતી જેણે પપ્પાના મૃત્યુ પછી આખા આકાશને પોતાના ખભા ઉપર ઊંચકી લીધું હતું. મમ્મીના એ વખતના સંઘર્ષનો એ સાક્ષી હતો. મમ્મી સવારે પાંચ વાગે ઊઠી જતી, રસોઈ બનાવતી, ઘરની સાફસફાઈ કરતી અને બાળમંદિરમાં આયા તરીકેનું કામ કરવા પહોંચી જતી. બપોરે એ ત્યાંથી સીધી બેબીસીટિંગ કરવા જતી અને છેક સાંજે ઘેર આવતી. સાંજે ઘેર આવીને રસોઈ, કામકાજ અને પછી રાત્રે મોડે સુધી જાગીને પોતાના અધૂરા રહી ગયેલા ભણતરનો છેડો લંબાવવા માટે વાંચતી. સ્નાતક થઈને બીજી સ્કૂલમાં નોકરી કરવા ગઈ ત્યાં સુધી એને ક્યારેય ઊંઘતી તો આકાશે જોઈ જ ન હતી. એને ક્યારેક તો લાગતું કે મમ્મી ક્યારેય સૂતી જ નથી. એ મમ્મીએ આજે એક માંગણી કરી હતી ત્યારે પોતે એ આપી શકે એમ હતો ?

શું કરવું ? આમ તો ગમે તેટલું કરે તો પણ એ મમ્મીનું ઋણ ઉતારી શકે એમ ન હતો. એ માની ખુશી માટે પોતે થોડુંક સમાધાન ન કરી શકે ? પણ એ સમાધાન એના હૃદયના એક હિસ્સાને માંગી લેતું હતું. મમ્મીએ આટલું બધું કર્યું હતું તો સાથે પપ્પાનું ઋણ પણ એના ઉપર ક્યાં ઓછું હતું ? હવે આ બધું જાણ્યા પછી તો એ ઋણ હિમાલય થઈને એને માથે બેસી ગયું હતું. પંદર વર્ષ સુધી પપ્પાના સ્નેહના હિમાલયમાંથી વહેતી પ્રેમની ભાગીરથીએ એને સતત પલાળ્યો હતો, ભીંજવ્યો હતો, તરબોળ કર્યો હતો. એક તરફ માનો આભલા જેટલો પ્રેમ હતો જેણે એને જીવનના તડકાથી રક્ષણ આપ્યું હતું. છાંયો આપતું આકાશ અને ભીંજવી નાખતું સ્નેહજળ - આ તો એના જીવનના પાંચ મહાભૂતોમાંના બે હતા.

બધું બરાબર ચાલતું હતું. પપ્પા ઓચિંતા વિદાય થઈ ગયા, એ વખતે જીવન જાણે ખાલી થઈ ગયું હતું. 'હવે શું ?'નો પ્રશ્ન સુરસા બનીને એમની સામે ઊભો રહ્યો



હતો. જેમ તેમ કરીને સોળ જોજનના પ્રશ્નને ઉકેલવા એ લોકો પોતાનું કદ સત્તરનું કરે ત્યાં તો એ પ્રશ્ન બત્રીસ જોજનનો થઈને ઊભો રહી જતો. પણ સમયની સાથે દુઃખની જેમ પ્રશ્નો નાના થવા માંડ્યા હતા. ઓછું ભણેલી મમ્મીએ જીવતરનું ગણતર ઝડપથી મેળવી લીધું હતું. એની નોકરી અને પોતાનું સારું ભણતર - બંને રેલવેના પાટાની જેમ સમાંતરે આગળ ગતિ કરતાં હતાં.

શરૂઆતમાં આકાશ અને એની મમ્મીને આ ગતિ વધારે હંફાવનારી લાગી હતી, કારણ કે પપ્પા હતા ત્યાં સુધી તો એમણે આ પત્ની અને પુત્ર ઉપર હથેળીના છાંયા કર્યા હતા. આકાશની તો એ છોડની ડાળી ઉપર રમતા ફૂલની જેમ સંભાળ રાખતા – એને હવામાં લહેરાવા દેતા પણ વંટોળથી દૂર રાખતા. એની સુગંધને વહેવા દેતા પણ સોડમને પકડી રાખતા. પત્નીએ એ છીપલું જેમ મોતીને સાચવે એવી રીતે સાચવતા. પણ આકાશની સ્મૃતિમાં એણે મમ્મીને ક્યારેય ખડખડાટ હસતી નહોતી જોઈ. પપ્પાના પ્રેમની ધારાઓ એને જાણે ભીંજવતી જ નહીં. આકાશને લાગતું કે આ મમ્મીની પ્રકૃતિ છે. મમ્મીના ચહેરા ઉપર એક સ્મિત જોવા પપ્પા બધા જ પ્રયત્નો કરી છૂટતા. એ વખતે આકાશને સમજાતું ન હતું કે મમ્મીનું ક્યારેક પરાણે દેખાતું હાસ્ય બીજનો ચંદ્ર ન હતું પણ ગ્રહણથી ગ્રસાયેલા પૂનમના ચંદ્રની એક કિનારી હતી. આજે, આટલાં વર્ષો પછી એને એ ગ્રહણનું મૂળ કારણ રાહુનો પત્તો મળ્યો હતો. પણ મમ્મી ! મમ્મી તો એ રાહુને જ પોતાનો સૂરજ માનતી હતી. !

આકાશને સમજાતું ન હતું કે બધું બરાબર ગોઠવાયેલું લાગતું હોય ત્યારે જ કેમ આ કિસ્મત નામનો કંપ આવીને જિંદગીને જડમૂળથી હલાવી નાખતો હતો ? પહેલાં પપ્પાના મૃત્યુરૂપી ભૂકંપ અને હવે આ કહેવાતા 'નવા પપ્પા'ના આગમનનો ધરતીકંપ. કોઈનું ઓચિંતું જતું રહેવું દુઃખદાયક હોય એ તો સમજાય. પણ કોઈનું ઓચિંતું આમ આવી જવું એ ગંઠાઈ ગયેલા દુઃખને ફરીથી પીડા બનાવીને વહેતું કરી દે એ કેવી રીતે સ્વીકારી શકાય ?

આકાશના વિચારો બિલકુલ જુનવાણી ન હતા. દરેકને પોતપોતાના સુખનો બગીચો શોધીને એમાં ટહેલવાનો હક છે એમ એ માનતો હતો. મમ્મીને પણ વૃદ્ધાવસ્થા પોતાની કોઈ મનગમતી વ્યક્તિ સાથે

વિતાવવાનો હક હતો જ. એણે કોઈને પણ જીવનસાથી બનાવવાનું નક્કી કર્યું હોત તો આકાશને એમાં કોઈ જ વાંધો ન હતો. પણ સાથે એની બીજી શરત! એનો સ્વીકાર કરીને પોતે પપ્પાનો ગુનેગાર ન બની જાય?

મમ્મી રોજ સાંજે નિયમિત રીતે બગીચામાં જતી એની આકાશને ખબર હતી. એને પ્રકૃતિને ખોળે બેસવું ગમતું. એ તો એ દિવસે એક વાવાઝોડું આવ્યું અને એના જીવનમાં ચક્રવાત લઈ આવ્યું.

આકાશને રમણીકભાઈનો પહેલી વાર કાનમાં પડેલો અવાજ બરાબર યાદ હતો – 'આકાશ, બેટા, સાંભળ. હું રમણીક બોલું છું. અહીં બગીચામાં તારી મમ્મી લપસી ગઈ અને એને વાગ્યું છે. એણે જ મને તને ફોન કરવાનું જણાવ્યું. હું એને લઈને સુનિધિ હૉસ્પિટલ જઉં છું. તું જલદી પહોંચ.' આ આ રમણીકભાઈ કોણ હતા, એ વખતે એ મમ્મી સાથે કેવી રીતે હતા, એ મમ્મીને 'તું' કેમ કહેતા હતા, વગેરે કોઈ જ સવાલો મનમાં ઊગે એ પહેલાં તો આકાશ હૉસ્પિટલ જવા નીકળી ગયો હતો. ત્યાં એ પહેલી વાર આ રમણીક અંકલને મળ્યો હતો.

આકાશ પહોંચ્યો ત્યારે એની મમ્મીનું ઑપરેશન શરૂ થઈ ગયું હતું. થાપાનું હાડકું બહાર નીકળી આવ્યું હતું, પીડા બહુ જ હતી અને ઑપરેશન જેટલું જલદી થાય એટલું સારું હતું. અંકલે જ સહી વગેરે કરી દીધું હતું. આકાશે એમનો આભાર માનીને ઘેર જતા રહેવા માટે ઘણો આગ્રહ કર્યો હતો પણ એ ત્યાંથી ખસ્યા ન હતા. 'જો બેટા, છડેછડો છું. ઘેર કોઈ મારી રાહ જોનારું છે નહીં. અહીં તારા જેવા જુવાનિયા જોડે વાતે કરવાની મને મજા આવશે.'

પછી તો ઘણી વાતો થઈ હતી. આકાશને અંકલ મિલનસાર અને ભલા લાગ્યા હતા. એમણે એ પણ જણાવ્યું કે થોડાક દિવસ પહેલાં જ એ એમના વિસ્તારમાં રહેવા આવ્યા હતા. રોજ સાંજે એ પણ એ બગીચામાં ચાલવા જતા હતા અને ત્યાં જ એમની આકાશની મમ્મી સાથે મુલાકાત થઈ હતી. થોડુંક ચાલ્યા પછી એ લોકો ખૂણાના એક બાંકડે બેસીને વાતે કરતાં હતાં. ઓચિંતો જ ધૂળની ડમરીઓ સાથે જોરદાર પવન ફૂંકાવા માંડ્યો હતો. પછી ધોધમાર વરસાદ ચાલુ થઈ ગયો. વરસાદ બંધ થાય એની રાહ જોતાં એ લોકો બાંકડે બેસી રહ્યાં. પછી બગીચાની થોડી ચીકણી થઈ ગયેલી જમીન ઉપર ચાલવા જતાં મમ્મીનો પગ લપસ્યો. એમાં એમનું થાપાનું હાડકું તૂટી ગયું. રોજની વાતચીતથી એમને દીકરાનું નામ આકાશ છે એવી ખબર તો હતી. એટલે એમણે મમ્મીના ફોનથી જ એને ફોન જોડ્યો.

આકાશને રમણીક અંકલ ગમી ગયા. બે દિવસ પછી તો એમણે આકાશને કહી દીધું, 'તારે ઑફિસમાંથી રજા લઈને અહીં બેસી રહેવાની જરૂર નથી. હું ઘેર એકલો કંટાળતો હોઉં છું. એના કરતાં થોડા દિવસ હૉસ્પિટલમાં બેસીશ તો ગમશે.'

આકાશને એમાં કંઈ વાંધો ન લાગ્યો. મમ્મીએ પણ સંમતિ બતાવી. પછી તો આકાશ રોજ ઑફિસથી છૂટીને જ મમ્મી પાસે જતો. ત્યારે પણ રમણીક અંકલ બેસી રહેતા. આકાશના ધ્યાનમાં આવ્યું હતું કે એ મમ્મીને 'વર્ષા' કહીને જ સંબોધતા હતા. એને એ ગમ્યું ન હતું, પણ એણે એને મન ઉપર ન હતું લીધું. બગીચામાં સાથે બેસતા હતા એટલે દોસ્તી થઈ ગઈ હશે. દોસ્તી અમુક ઉંમર પછી ન થાય એવું થોડું જરૂરી છે?

પણ આજે એ 'વર્ષા' સંબોધનનું રહસ્ય ખૂલી ગયું હતું. આવતીકાલે મમ્મીને હૉસ્પિટલમાંથી રજા મળવાની હતી. આકાશ રોજની જેમ સાંજે હૉસ્પિટલ પહોંચ્યો ત્યારે એણે જોયું કે મમ્મી ખુશ ન હતી લાગતી. એનાથી પુછાઈ ગયું, 'મમ્મી, હજી તને બરાબર સારું નથી લાગતું? તો હું ડૉક્ટરને વાત કરું. બેત્રણ દિવસ ભલે લંબાઈ જાય. ઘેર જઈને પણ તારે સંપૂર્ણ આરામ જ કરવાનો છે. મેં બધી વ્યવસ્થા કરી લીધી છે.'

કંઈ બોલવાને બદલે મમ્મી તગતગતી આંખોથી એની સામે જોઈ રહી હતી. પછી બાજુમાં બેઠેલા રમણીક અંકલ સામે જોઈને તો એની આંખો છલકાઈ જ ગઈ હતી. એમણે એનો હાથ પકડીને કહ્યું હતું, 'કહી દે વર્ષા. આજે નહીં તો કાલે, કહેવું તો પડશે જ ને?'

શું કહેવાનું હતું? આકાશે આશ્ચર્યભરી નજરથી મમ્મી સામે જોયું હતું. મમ્મીના ચહેરા ઉપર એક સાથે કેટલાય ભાવ આટાપાટા રમી ગયા હતા. પછી દીકરાની નજરનો સામનો ન થતો હોય એમ એણે ભીંત તરફ જોઈ લીધું હતું. રમણીકભાઈએ હાથ ખેંચીને આકાશને પોતાની બાજુની ખુરશી ઉપર બેસાડી દીધો હતો અને પછી પાછા પગલે ચાલતા ચાલતા એને પોતાના બાળપણ સુધી લઈ ગયા હતા.

'બેટા, તું વિચારતો હોઈશ કે એક અજાણ્યો માણસ અમારે માટે આટલું બધું કેમ કરે છે. પણ તમે મારા પોતાનાં જ છો. તારી મમ્મીને હું એ જન્મી ત્યારથી જાણું છું. એક જ ફળિયામાં સાથે રમીને અમે મોટાં થયાં. પકડદાવ રમતે રમતે ક્યારે એકબીજાના હૃદયનો થપ્પો થઈ ગયો એ ખબર જ ન પડી. વર્ષા સત્તરની અને હું એનાથી બે વર્ષ મોટો. નરી મુગ્ધતાની એ ઉંમર. મન સતત બીજાને મળવા માટે લંગડી રમ્યા કરે. અમારી આ આંબલીપીપળી

બધાની નજરે ચડવા માંડી એટલે અમે સંતાકૂકડી રમવાનું ચાલુ કર્યું.'

આકાશ આંખો ફાડીને એની આરાધ્ય મમ્મીની પ્રેમકથા સાંભળી રહ્યો હતો.

'એક દિવસ વર્ષાએ મને કહ્યું કે એના પેટમાં મારું બાળક હતું. એ દિવસે સાચોસાચ હું અમારા ગામના ભમ્મરિયા કૂવામાં પછડાયો હોઉં એવું મને લાગ્યું હતું. હજી તો હું માંડ ઓગણીસ વરસનો હતો. સામે નદીના કોરા પટ જેવી જિંદગી દેખાતી હતી. એ કોરા પટ ઉપર મારે તો સુખનાં ઝાડ ઉગાડવાં હતાં, સમૃદ્ધિનાં પૂર લાવવાં હતાં. અને અત્યારથી એક છોકરાનો બાપ બનીને હું શું કરીશ ? મારાં બા-બાપુજી, દુર્વાસા જેવા મોટા બાપા, બધાનો સામનો કેવી રીતે કરીશ ? એ વખતે થોડા ગભરાટમાં, થોડી અણસમજણમાં, મને જે ઠીક લાગ્યું એ મેં કર્યું. એ જ વખતે મેં બારમું પાસ કર્યું હતું. હું 'શહેરમાં ભણવું છે' કહીને દૂરના શહેરમાં રહેતા મામાને ત્યાં ભણવા જતો રહ્યો, બધી યાદોનું પોટલું વાળીને.'

આકાશે એની મમ્મી તરફ જોયું. આ ભાગેડુ પ્રેમીના ગયા પછી એની એ વખતે શું દશા થઈ હશે ? પણ મમ્મી તો હજી ભીંત તરફ જ ફરેલી હતી. એના હાલતા શરીર ઉપરથી લાગતું હતું કે એ ડૂસકાં ભરી રહી હતી.

'પણ જીવતી વસ્તુઓ થોડી પોટલામાં બંધાયેલી રહે ?' રમણીક અંકલે વાત ચાલુ રાખી, 'ભણવાનું પૂરું થયું ત્યાં સુધીમાં તો એ પોટલું અનેક ઘણું વજનદાર થઈ ગયું હતું. વર્ષાની આંસુ ભરેલી આંખોએ કરાવેલા ઉજાગરા મેં ભણવામાં વાપર્યા. હું સારી ડિગ્રી લઈને ગામમાં પાછો આવ્યો, હવે વર્ષાને મારી સાથે લઈ જવા માટે. મોટા બાપા ગુજરી ગયા હતા અને મારાં માતાપિતાને હું સમજાવી શકીશ એની મને ખાતરી હતી. હું ધારતો હતો કે વર્ષાએ મારા ગયા પછી ગર્ભપાત કરાવી નાખ્યો હશે. પણ ગામમાં આવીને ખબર પડી કે હું શહેરમાં ગયો પછી એના તો ઘડિયાં લગ્ન લેવાયા હતાં – એક સાધારણ દેખાવ અને સાધારણ સ્થિતિના, એનાથી થોડી મોટી ઉંમરના માણસ સાથે. લગ્ન પછીના સાતમા મહિને એણે એક પુત્રને જન્મ પણ આપ્યો હતો.'

અહીં રમણીકભાઈ થોડું થંભ્યા, આકાશના ચહેરાનો અરીસો વાંચવા માટે. પણ એનો ચહેરો તો અત્યારે દર્પણની ઊલટી બાજુ જેવો થઈ ગયો હતો - કદાચ આઘાતથી.

આગળના શબ્દોને શોધતાં રમણીકભાઈ થોડીક વાર સુધી હવામાં તાકતા બેસી રહ્યા. સમય હવામાં લટકી રહ્યો. આકાશે મૌનનું કવચ ન તોડ્યું એટલે કંઈક ગડમથલના દરિયામાં ડૂબકીઓ ખાતા એમણે વર્ષાના નામનું તણખલું પકડ્યું.

### ઉજાગરા

તમે કહેવાનું કોઈ દિ'તો કીધું નહીં, અરે ! એવા તે કેવા કહ્યાગરા ?

અમને તો એમ હતું વરસાદી એક ગીત ગાશું ને ચોમાસું ઊગશે,<br>
પાંપણને મીંચવાનું કહેશો તો આંખ જઈ, દશ્યોના દરિયામાં ડૂબશે.<br>
સપનામાં સ્હેજવાર ઊંઘી લેશું ને પછી આંખોમાં વાવશું ઉજાગરા...<br>
તમે કહેવાનું...

ઊગમણે-આથમણે રોજ અમે ભાળીએ એક નહીં કેટલાયે વેશમાં,<br>
સાન-ભાન સઘળુંયે ઘરમાં ખોવાય અને શોધવાનું આખાયે દેશમાં.<br>
મુઠ્ઠીમાં અંધારું જાળવીને રાખીએ પણ વ્હેલી સવારે તો બ્હાવરાં...<br>
તમે કહેવાનું...

– હર્ષદ ત્રિવેદી

'વર્ષા ! તું તો કંઈક બોલ !'

ચંદ્ર પોતાની અંધારી બાજુ બતાવતો હોય એવી રીતે આકાશની મમ્મી પડખું ફેરવ્યું અને થોડી પળો સુધી દીકરાના ચહેરાને વાંચવા મથતી રહી. છેવટે મૌનનું, એક મર્યાદાનું કવચ તૂટ્યું, 'હવે તું બધું સમજી જ ગયો હોઈશ બેટા. તું તારા આ પપ્પાને પપ્પા તરીકે અપનાવીશ ? તો જ હું પણ–'. એની આંખોમાં અપેક્ષાનો મહાસાગર ઊભરાતો હતો.

જમીન ઉપરથી પહાડ ઊંચકતો હોય એવી રીતે ઊભો થઈને આકાશ ઘેર આવી ગયો. પણ મમ્મીએ પૂછેલો સવાલ સાપની જેમ એને ડંખ્યા કરતો હતો. શું કરવું ? એણે હૉસ્પિટલમાં પહેલી વાર મમ્મીને આ અંકલ સાથે ખડખડાટ હસતી જોઈ હતી. અંકલનો પ્રેમ કાચો હોત તો એ આખી જિંદગી કુંવારા ન રહ્યા હોત. ઓગણીસ વર્ષનો એક ગભરાયેલો યુવાન એ પરિસ્થિતિમાં જે કરે એ જ કદાચ એમણે કર્યું હતું. એ બંનેને હવે આટલાં વર્ષો પછી કુદરતે મેળવી આપ્યાં હતાં. તો એણે એમાં આડખીલી બનવાની કોઈ જ જરૂર ન હતી.

પણ એમને 'પપ્પા' તરીકે અપનાવાય ? લગ્ન પછી લગભગ તરત જ પપ્પા મમ્મીને ડૉક્ટર પાસે લઈને ગયા હશે ત્યારે ડૉક્ટરે એમને ગર્ભાવસ્થાનો સમય તો જણાવ્યો જ હશે ને ? તોપણ એમણે એ પત્નીને કે એ પુત્રને ક્યારેય એવું જણાવા ન દીધું કે પોતે બધું જાણે છે.'

આકાશ આખી રાત સૂઈ ન શક્યો.

બીજે દિવસે મમ્મીને ડિસ્ચાર્જ મળવાનો હતો. એ

## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સંચાલિત**

## શ્રી જવાહરભાઈ વાડીલાલ વોરા પરિવાર કાયમી દાતા

## શ્રી હીનાબેન મુકેશભાઈ શાહ ચશ્માવાળા પરિવાર સહયોગી દાતા

**પ્રેરિત**

# ૫૦% દવા ડિસ્કાઉન્ટ યોજના

સહર્ષ જણાવવાનું કે ઉપરોક્ત પરિવારના સહયોગથી ઝાલાવાડી સભાના જરૂરિયાતવાળા સભ્યો માટે એલોપેથી બ્રાન્ડેડ દવા ૫૦% ડિસ્કાઉન્ટથી આપવાનું નક્કી કરેલ છે. સભ્યમિત્રોને આ યોજનાનો લાભ લેવા વિનંતી

**અગત્યની સૂચનાઓ :**

- આ યોજના ફક્ત ઝાલાવાડી સભાના સભ્યો અને તેમના પરિવાર માટે જ છે.
- આ યોજનામાં લાભ લેવા ઈચ્છતા પરિવારનું મહિનાનું ઈલેક્ટ્રીસીટી બિલ રૂા. ૧૫૦૦ થી ઓછું હોવું જરૂરી છે તેથી વધુ બિલ ધરાવનારને આ યોજનાનો લાભ નહી મળે.
- ઝાલાવાડી સભાનું સભ્ય પદનું કાર્ડ, આધાર કાર્ડની કોપી, છેલ્લા મહિનાના ઈલેક્ટ્રીક બિલની કોપી તેમજ ડૉક્ટરનું પ્રિસ્ક્રીપશન લઈને ઝાલાવાડી સભાની ચિરાબજારની ઑફિસે આવવાનું રહેશે.
- પરિવાર દીઠ દર મહિને વધુમાં વધુ રૂા. ૧૦૦૦, ની દવા રૂા. ૫૦૦, માં આપવામાં આવશે.
- ઉપર મુજબના ડોક્યુમેન્ટસ લઈને સભાની ઓફિસે આવનાર વ્યક્તિને ડોક્ટરના પ્રિસ્ક્રીપશન મુજબ દવા અર્ધા ભાવે તુરંત જ મળી જશે. બીજી વખત ધક્કો ખાવાની જરૂર નથી.
- રેશન કાર્ડની ઝેરોક્ષ સાથે લાવવી જરૂરી છે. દર મંગળવારે બપોરે ૩ થી ૫ માં દવા મેળવી શકાશે.

*(અનુસંધાન પાના નં ૩૧ થી)*

બધી કાર્યવાહી કરવા માટે આકાશ સવારે જ હૉસ્પિટલ પહોંચી ગયો. એના ધારવા પ્રમાણે રમણીકભાઈ ત્યાં જ હતા. લાગતું હતું કે એ પણ આખી રાત સૂતા ન હતા.

વર્ષાની નજર ચાતક બનીને સતત આકાશ સામે તાકતી રહેતી હતી. આકાશ બિલ ભરવા જતો હતો ત્યારે રમણીકભાઈએ એને રોક્યો, ‘બિલ મને ભરવા દે બેટા. તારી નવી નવી નોકરી છે, આટલી તો બચત પણ ન હોય. આપણું કંઈ જુદું થોડું છે? આખરે મારું જે છે એ બધું તારું જ તો છે.’

આકાશે એમની સામે જોયું. - આ માણસ મને પૈસાની લાલચ આપતો હતો કે ખરેખર આટલાં વર્ષો સુધી અંતરમાં થીજાવી દીધેલી પ્રાયશ્ચિત અને પિતૃપ્રેમની સરવાણીને વહાવતો હતો?

અચાનક એના હૃદયને વાચા ફૂટી, ‘થેંન્ક યૂ અંકલ. કાલે તમે કહ્યું એમ મારા પપ્પા બધી રીતે સાધારણ હતા, પણ એમણે મને આપેલા સંસ્કાર અસાધારણ છે. અને એટલે જ મારે તમારા પૈસાની જરૂર નથી.’

‘પણ એ ક્યાં તારા સાચા — ?’

‘પ્લીઝ, એ શબ્દ તો બોલતા જ નહીં. અમારે કદાચ લોહીનો સંબંધ ન હતો પણ લોહી જેમાં થઈને વહે છે એ હૃદયનો સંબંધ હતો. બીજાને સુખી જોવાની એમની ભાવના એમણે મને વારસામાં આપી છે. એટલે જ તમારા, ખાસ તો મારી મમ્મીના સુખની આડે હું નહીં આવું. એણે મારે માટે જે કર્યું છે એનું ઋણ તો કોઈ પુત્ર ન ઉતારી શકે. એક નબળી પળે તમે મમ્મીને એના ભાગ્ય ઉપર છોડીને ભાગી ગયા એ તમારી મનુષ્યસહજ નબળાઈ ગણીને માફ કરી શકીશ. મમ્મીની ખુશી માટે એના પતિ તરીકે હું તમને અપનાવી શકીશ. પણ મારા પપ્પા, હવે તો ખાસ, મારે માટે ઈશ્વર જેવા બની ગયા છે. એટલે એ સ્થાન તમે લઈ શકશો એવી આશા ન રાખતા.’

મમ્મીના ચહેરા સામે જોયા વિના આકાશ હૉસ્પિટલના બિલ કાઉન્ટર તરફ જવા નીકળી ગયો.

**-ગિરીમા ઘારેખાન**

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**પંચગની સેનેટોરીયમ ખાતે એકટીવીટી હોલ ના નામકરણ માટે મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| **માતુશ્રી ગીતાબેન પ્રફુલચંદ્ર શાહ તથા પિતાશ્રી પ્રફુલચંદ્ર કાંતિલાલ શાહના સ્મરણાર્થે રાજેશ્રી ભાવેશ વોરા, મોના રાહુલ શેઠ તથા પિંકી શ્રેણિક શાહ તરફથી** | **૫,૦૦,૦૦૦/-** |

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ લોનાવલા નુતનીકરણ યોજનામાં તા. ૨૫-૧૨-૨૦૨૨ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| **શ્રીમતી શારદાબેન કાંતિલાલ દોશી ચેરીટેબલ ટ્રસ્ટ** | **૩,૫૦,૦૦૦/-** |
| **શ્રીમતી સ્વાતિબેન ભાવેશભાઈ મોદી** | **૩,૦૦,૦૦૦/-** |
| **શ્રીમતી દેવીબેન અનિલભાઈ શાહ** | **૩,૦૦,૦૦૦/-** |

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૧૨-૨૦૨૨ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| **શ્રી સમીરભાઈ ચંપકલાલ સંઘવી** | **૨,૦૦,૦૦૦/-** |

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
## ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન આયોજીત
# શ્રીમતી અરૂણાબેન સંતોષભાઈ કામદાર (ભાવનગર)
### મેમોગ્રાફી ટેસ્ટ યોજના

**નિઃશુલ્ક મેમોગ્રાફી ટેસ્ટ**

